
श्रीमति भगवति गीता





My Message

by

[illegible] HARANATH

SONAMUKHI.

To

ALL MY MOST DEAR FATHERS & MOTHERS ALL OVER INDIA & ELSEWHERE.

A great storm is raging in heart to day. Innumerable thoughts arise in a second in a mad man's mind and disappear the next moment in the boundless ocean. I have not known nor do I know of any power by which these thoughts can be expressed either in writing or by speech.

Listen to a secret. I have nothing to hide, to keep back I shall give out everything. When I have allowed myself to be bound, then where lies the necessity of strings etc? When you have once caught hold of me, keep holding on, remembering this to be the play of the Lord.

This objective universe is my stage to play upon. From the beginning of time have I come to play on this stage. But how much "Hide and Seek" still! My life is but a riddle.

Now a-days my mind and along with it my body have gradually become tired. I do not know for how long such condition will prevail. I cannot bear, any more, these fetters on four sides. The play has now become old, I do not find any pleasure therein. Now I have to be ready for a new play in a new country. If I remain, it is good and if I go, then there is no harm. Would that I become yours and you become mine in every life.

The spiritual world to-day is sinking into deep darkness, Therefore it is that even greatly wise men seeing a false light, but thinking to be tha real light, run after it in the expectation of getting the peace. Subsequently disillusioned they fall into double darkness and misery. Therefore it is but meet that you should always remain careful.

When you are my own do not think of my coming and going away. Where does the question of my appearance and disappearance

come in? Can you say in respect of a magician that he really disappears, when in the presence of hundreds of spectators, he jumps into the sea and makes himself invisible by throwing dust in their eyes? He is, as a matter of fact, all along amongst the spectators, but nobody makes it out. As well. do you know about my appearances and disapperances. Is this a great wonder? Yet this simple mrtter has come to be an unsolved riddle to the learned.

Further a player, who has thrice to appear on the stage and act in one particular play, can never after his first or second appearance totally disappear and leave the play. He only changes his dress and remains sitting amongst all and no sooner the time comes than he again puts on the proper dress and continues playing his part. The actor by changing his dress can remain amongst the spectators unrecognised by them, but he cannot go out of the sight of the other members of the theatrical company. In whatever dress he may be dressed, they all


recognise him atonce. Therefore do I say that they do not belong to the inner circle, who set their minds a-thinking about such disappearances.

You are my own: therefore you have no reasons to be anxious. You remain in happiness: whilst seeing this I would go away,

You mine, each one of you is my Living report. Therefore do I desire, you become totally pure.

Leaving your own husband do not go to serve another. His love will be of the eyes only, not of the heart. His love will be for two days' only. Therefore do I say that for two days' love do no waste your life's happiness. Remain the most beloved of the husband.

Go on playing your part with what remains. Such is my final wish.



સમર્પણ.

...()...

શ્રી મુક્ત ભક્ત પ્રવર—એકાંત પ્રેમી!

શ્રી નાથાભાઈ નરોત્તમદાસભાઈ,

શ્રી સુરત નિવાસી.

તમોના ગાઢ જગન્નાથના ચિંતનથી તમારૂં આત્માનંદ થયેલ છે, તમોને આત્મિક પ્રેમ ભક્તિના અંકુર [illegible] જેથી કે તમારા મનમાના [illegible] ગોપાલ શ્રી જગન્નાથ છે ! તમો અમારાઓને પણ ભક્તિ દાન આપો છો અને [illegible] કલ્યાણ કરો છો એવા ઉદાર ગુણોથી આકર્ષાઈને આ શ્રી જગન્નાથજીનું ચરિત્ર તમોનેજ કર કમળમાં નમ્ર ભાવે સમર્પણ કરી કૃતાર્થ થાઉં છું !

તમારો આશ્રિત,

વિનય.

શ્રી કલિપાવનાવતારી જયજયતિ.
શ્રી કલિપાવનાવતારી પ્રેમદાતારી પ્રેમમય.

પ્રભુનાં પરમભકત પાગલ હરનાથ.

:: અથવા ::

કંગાલના કલ્પતરૂ કારણ વિના કરૂણા કરનાર
વણ માગ્યે પ્રેમ દેનાર—ભાવદાતા ભિખારી
જીવ માત્રનાં ભારવાહી-દિનતા મય દાતા
શુભદ શુભદ નામા
શ્રી હરનાથ ઠાકુરનો
જગજ્જીવહિતસાધક.

સંન્દેશ પત્ર.

નામથી પ્રેમ ! પ્રેમથી પ્રભુ ! પ્રભુથી સેવા !

પત્ર ૧ લો.

તુંહી મા ! ગૌરકૃષ્ણ, રામ ઓમ વીર.
ઈશુ મહમદ જરથોસ્થ, શીવ કબીર !!
સ્મરણ દર્શન વન્દન અને:
સેવન નિવેદન હું કરૂં,
ચિર ભિખારી તાહરો ;
તવપાદ પન્થે ચિર ફરૂં ? !

સમર્પણ.

મહામૂનિ—ગૃહસ્થાશ્રમી યોગી,

શ્રી નારાણજી જીવરાજ બાબુ,

તિર્થ પર્યટન કરવામાં સંગી કર્યો—ઉદાર ચરિતનું દર્શન કરાવ્યું—મલીન ઈચ્છાનાં મહાવેગને હાથની ચેષ્ટા માત્રથી થંભાવી દીધો—સમાન ભાવ અને અભેદ સ્વરૂપનાં દર્શન કરાવ્યાં. મને નાસ્તિકને ઈશ્વરનાં દર્શનનો પરિચય કરાવ્યો. તેના ઉપકારને વાળવામાં હું કંગાલ તે શું કરૂં ? કંઈજ નહિ—પણ તે સઘળી યાત્રા લીલાનાં સાક્ષાત્ હરિ શ્રી ભગવતિ નંદન શ્રી કુસુમપતિ શ્રી હરનાથજી મહાપ્રભુનું આ ત્રીજું શ્રી હરનાથાષ્ટક તમોશ્રીના કર કમલમાં વિનિત ભાવે સમર્પી હર્ષ પામું છું.

અપાત્ર સંગી,

વિનયકાન્ત.

"સંદેશ પત્ર" ૧ લો.

પ્રિયે! "હમેશાં ચકચૂર રહેજો! પ્રભુ-હરિનાં નામમાં ...... મનમાં સ્થાન આપશો નહિ શુચિ અશુચિને...જરાયે અશુચિ નથી આ જગતમાં; કદાચ જરી તરી અશુચિ હશે તો શુચિતમ બની જશે. કલિપાવન પ્રેમ પ્રભુનાં નામના સ્પર્શથી ... માટે કહું છું કે; જાગતાંને ઉંઘતાં દરરોજ ડૂબ્યા રહેજો નામમાં. નામ એજ મંત્ર છે...નામ એજ તંત્ર છે. નામ એજ ઈશ્વર છે, બીજું કંઈજ મોટું નથી નામથી ... ભગવાનનાં કરતાંયે મોટું છે! નામ ભગવાનનું...આવું સુભદ્ર શુભદ નામ રટાય નહિ એજ મારૂં દુર્ભાગ્ય અને ભય છે...નામ મહામંત્રથી જો નિવારણ થાય છે જન્મ મરણનાં ભવ રોગનું તો સાધારણ દેહનાં દર્દો મટી જાય તેમાં શી નવાઈની વાત છે!! કંઈ ચિન્તા કરશો નહિ નામ રટો! નામ રટવાથી તમે જગતનાં થશો અને જગત તમારૂં થશે, નામ રટશો તો હમેશાં ડૂબ્યા રહેશો આનંદમાં...શોકની છાયા સરખીયે દેખાશે નહિ. આધિભૌતિક-આધિદૈવિક આધ્યાત્મિક આદિ એક પણ ભય તમને રહેશે નહિ. સઘળાં

સમર્પણ.

મહા ભાવનિતાઈ સ્વરૂપ

શ્રી અટલબિહારી નંદી

શ્રી વૃંદાવન !

મહાભાવ મય !

ત્હમારાજ કરૂણામય–સહજ મધુર–પ્રેમદાતા સાક્ષાત કલિપાવન અવતાર શ્રી હરિ શ્રી શ્રી હરનાથજી ચૈતન્યચંદ્ર મહા પ્રભૂનું આ બીજું શ્રી હરનાથાષ્ટક તમોશ્રીનાં કર કમલે સમર્પું છું; તે સ્વિકારી કૃતાર્થ કરશો.

ત્હમારો પ્રાસાદિક,

વિનય.

"સંદેશ પત્ર" ૧ લો

ભયોભય પામીને ભાગી જશે અને તમો હમેશને માટે ચિંતા રહીત થશો. વળી ફરી ફરીને કહું છું કે; જીવનો ઉદ્દેશ અને જીવનું કર્તવ્ય માત્ર નામ રટવું એજ છે...ઈંદ્રનું ઈંદ્રભુવન પણ નામ સ્મરણ વિના મહાઘોર નરક જેવું લાગે છે. ભગવાનને ભુલી જવાથી જીવ માયાનો દાસ બને છે અને ભગવાનનું નામ રટવાથી જીવ જીવન્મુકત થાય છે. માટે વળી ફરીને કહું છું કે—હવે જીવનનો જેટલો વખત બાકી રહ્યો હોય તેટલો વખત કલિપાવન ઇશ્વરનું નામ રટીને જીવનનું સાર્થક કરી લો...નાથ નામના રટણ વિનાનું બ્રહ્મપદ કે શીવપદ કંઇજ કામનું નથી...સુખ દુઃખ ક્ષણિક છે તેમાં મુંઝાય રહી ભગવાનને ભુલી જવા અને અંજલી અંજલી ઝેર પીવું એ બને સરખી વાત છે.

"તમારોજ—હર."

આભાર દર્શન.

આ ગ્રંથ પ્રકાશ કરવાનાં કામમાં ધનની સહાય કરનાર **ઝવેરી ત્રિભોવનદાસ ભીમજીભાઈ** છે.

ગ્રંથનુ સાહિત્ય આપવાના સહાયક **વિઠ્ઠલદાસ નાથાભાઈ** મેતા છે.

ગ્રંથ પ્રકાશ માટે પ્રોત્સાહન આપનાર ભક્તો છે.

ગ્રંથને સુંદર આકારમાં છાપી આપનાર **એમ. વાડીલાલની કું.** ના કાર્યકર્તાઓ છે.

તેઓ સહુનો નમ્ર ભાવે આભાર માનું છે! અને અકારણ કરૂણા કર્તા **ઠાકુર હરનાથ** તેઓ સહુને સર્વ સુખદ સંપતિથી સમૃદ્ધ કરો એ પ્રાર્થના નમ્ર ભાવે કરૂં છું!

અભાજન-વિનય.

છપાવી પ્રસીદ્ધ કરનાર.

વીનયકાન્ત ક્રીપાશંકર ઉદ્દાણી.

કાલબાદેવી રોડ

મુંબઈ ૨.

સંવત ૧૯૮[illegible] (સર્વ હક્ક સ્વાધીન) પ્રત ૧૦૦૦

આવૃતી પહેલી.

મુદ્રણસ્થાન.

એમ. વાડીલાલની કું.

૩૨/A ભાંગવાડી **મુંબઈ ૨.**

જામીન ખત.

ગમે તેવો અસુંદર ગવૈયો, પોતાનાં મધૂર સંગીતથી, ગમે તેવો ચિત્રકાર પોતાનાં ભાવવાહી ચિત્રથી, ગમે તેવો ભાવુક કવિ પોતાની પ્રતિભા-શાળી કવિતાથી, ગમે તેવો કદરૂપો શીલ્પકાર પોતાની શુક્ષ્મકળાથી, ગમે તેવો નયનાપાત્ર રસ-વૈદ્ય પોતાની રસસિદ્ધ મંત્ર સંજીવની માત્રાથી, ગમે તેવો મેલો ઘેલો કંદોઈ પોતાનાં મીઠાં મધૂરાં સ્વાદિષ્ટ પકવાનોથી, ગમે તેવો અજ્ઞાન અત્તરીઓ પોતાનાં મધમધતાં સુગંધી અત્તરોથી, ગમે તેવી યુવતી પોતાની યુવાવસ્થાથી, ગમે તેવી કુબ્જા જેવી રમણી પોતાની હૃદય સુંદર સેવાથી, ગમે તેવો અઘોરી મંત્રવાદી પોતાના મંત્રબળથી, ગમે તેવો કંગાલ મદારી પોતાની મોરલીના નાદથી અને ગૂપ્ત ભક્તિ ભાવથી, ગમે તેવો જગ નિકાલ, જગનિંદ્ય ભકત વગેરે જેમ સામાના ચિત્તને આક-ર્ષણ કરી ખેંચી લે છે; તેવી રીતે શ્રી હરનાથ ઠાકુર સહજ સ્વભાવે જગ જનનાં સ્વામી શ્રી પ્રેમ

પ્રભુને પ્રેમથી ખેંચી લે છે. માટે તો ઠાકુર હરનાથને 'પાગલહરનાથ' થી સહુ બોલાવે છે.

પ્રેમશ્લોક એવા ઠાકુર શ્રી હરનાથનો આ સંદેશો વાંચકને આત્મપ્રેમ–જ્ઞાન–ભક્તિ અને સુખદ સમૃદ્ધિનો અખૂટ ભંડાર અકારણ કરૂણા સ્વભાવે આપશે એ નિઃસંદેહ છે.

સ્નેહી વિશ્વનંદન ઠાકુર શ્રી હરનાથનો આ છેલ્લો સ્નેહ સંદેશો જે કોઈ પણ 'ત્રણ માસ સુધી ભાવ પૂર્વક દરરોજ પ્રેમથી પાઠ કરશે તો તેની વૃત્તિ–કૃતિ અને આકૃતિમાં ચમત્કારીક ફેરફાર થઈ જશે ! પારસમણી તો લોહને સુવર્ણજ બનાવે છે; પણ ઠાકુર શ્રી હરનાથ તો 'સ્વસમાન' બનાવે છે !' હરસ્વભાવ પરિચય આપવા એક કડી અત્રે ટાંકું છું.

આત્મ દાન દાતા તૂંહી દાનેશ્વરી.
કલિ પાવન તૂંહી પ્રગટ હરિ;
દિનહિન કંગાલ વ યાચક હું,
ઉપહાર પદે, પ્રિયે ! શું અર્પૂં ?!!

જે પોતાનાં આત્મપદનું દાન આપે છે તે

સામાન્ય વૃત્તિ-કૃતિ અને આકૃતિને બદલાવી દે તેમાં તો શી નવાઈ છે ! ! !


પ્રિય સુખેચ્છક ! જો ત્રણ માસ સુધી આ 'હર સંદેશા' નો સ્નેહથી પાઠ કરવા છતાં તમોને સુખદ શુભદ આત્મિક લાભ ન થાય તો તે માટે હું જામીન પડું છું !

શ્રી હરનાથ ઠાકુરનાં બલ પ્રેરણાથી સ્વવાક્યથી હું જામીન થાઉં છું; 'પાગલ હરનાથ' પ્રથમ ભાગના પહેલા પત્રમાં શ્રી ઠાકુર સ્વહસ્તે લખે છે કે; વ્હાલા! પ્રભુનાં મધુર નામનું સ્મરણ કરવાથી જો જન્મ મરણનાં મહાભયનું નિવારણ થાય છે તો સામાન્ય દૈહિક ભયો તો ભય પામીને ભાગીજ જાય તેમાં શી નવાઈ છે ! ! !

હરબલવાદી-જામીન
વિનય.

શુદ્ધિ પત્રક.

અશુદ્ધિ	શુદ્ધિ	પૃષ્ઠ	લીટી
રાવનાર	ધરાવનાર	૫	૧૧
મયા	માયા	૧૯	૧
	એ	૩૨	૧૯
મૂતિ	મૂર્તિ	૩૯	૧
પ્રેમનાં	પ્રેમનાં દાન	૫૦	૨
પદ્યાષ્ટ	પદ્યાષ્ટક	૭૬	૧૬



સર્વ ધર્મ ગુરૂઓનો એક વચની આદેશ.

ધન્ય છે! ધન્ય છે!

ગુરુ નર કૃતિ પૂર્ણ પર બ્રહ્મ,
બિરાજે છે જેને ઘેરે;
વિશ્વ પાવન મુનિયો,
તેને દ્વારે ચિર વિચરે;
તે નર ઘર ભૂમિ સમા,
સુભાગિ વિશ્વ કોણ છે?
તેનાં સમા આ વિશ્વમાં,
કહો, ભાગ્યશાળી કોણ?

હમોએ જે ઈશ્વરનુ જ્ઞાન પ્રેરણાથી મેળવી ધર્મ ગ્રંથોમાં વર્ણવેલ છે તેજ ઈશ્વરનુ સાક્ષાત સ્વરૂપ શ્રી હરનાથ છે અને 'છેલ્લો સંદેશો' એ પ્રખર પ્રણિત ગ્રંથ છે.

ધન્ય છે ! ધન્ય છે !

જે કરૂણામય છતાં કંગાલ છે !

જે દયામય છતાં દિન છે ?

જે ભાવમય છતાં ભિખારી છે ?

જે પ્રેમમય છતાં પામર છે ;

એવા શ્રી હરનાથ ઠાકુરનાં સુવંશની કીર્તિનાં કળાધર શ્રી ઉપેન્દ્ર ભગવાન શ્રી અનુકુલચંદ્ર હરનાથ બન્દ્યોપાધ્યાય; હમોને ધન્ય છે ! ધન્ય છે !!

'કૃષ્ણ કુંજ ધન્ય છે !'

જે દેહેભિન્ન છતાં પ્રાણે અભિન્ન છે
જે જગન્નાથ છતાં જગતના બાળ છે
જે અદ્વૈત છતાં દ્વૈત છે
જે એક છતાં બે-યુગલ સ્વરૂપ છે
જે અગોચર છતાં સ્વભાવે પ્રગટ દેખાય છે
એવાં ઠાકુર શ્રી હરનાથે-પુન્ય શ્લોક
શેઠ કલ્યાણદાસ કેશવદાસ 'કૃષ્ણ કુંજ'
નાં સવંશને ગોપાલ ભાવથી જે પરિચય
આપ્યો છે તે માટે તેઓ શ્રીને ધન્ય છે ?!

ચરણ તારે શરણ તારે, 'સ્મરણ તારૂં હું કરૂં:

બંગાલનાં ઠાકુરશ્રી હરનાથ.



ભાવ આશા મનોરથો, તાહરાજ પંથે હું ધરૂં!!

સ્મરણ દર્શન વંદન, અને સેવા શ્રવણથી

કરે ચિરવહન યોગ ક્ષેમનાં

ત્રિતાપ ભય દુર કરી; દે છે અભય દાન પ્રેમનાં



એવા તાત શ્રી હરનાથ છે, એવી કુસુમ માત સાક્ષાત છે.

શ્રી કલિપાવની   શ્રી પ્રેમશ્લોકી

श्रीमतिभगवतिगीता

— અથવા —

વિશ્વનન્દન શ્રી હરનાથનો

છેલ્લો સંદેશો

— અને —

તેમાં ઓતપ્રોત રેલી રહેલ પ્રેમ—ચેતન રસ અને મહાભાવનાં અષ્ટસ્વરૂપનું દર્શન

ઠાકુર શ્રી હરનાથને કોઈ સાધુજન કહે છે—કોઈ સંત ભક્ત કહે છે—કોઈ સિદ્ધ—મહાત્મા કહે છે—કોઈ પૂર્ણ પુરુષોત્તમ—અવતાર કહે છે. કોઈ ઇચ્છામયી મહાપ્રકૃતિદેવી સ્વરૂપ કહે છે. કોઈ કલિપાવન અવતાર કહે છે—કોઈ કલિવશમાનવ પ્રજાને સિદ્ધિવર દેનારા મહાદેવ કહે છે—કોઈ આત્મહાનૈશ્વર્ગી કહે છે—કોઈ પરમાત્મા સાથે આત્માનું લગ્ન કરાવનાર ગૂઢ પ્રેમી કહે છે; જે હો તે હો પરંતુ જેવું અતર્ક્ય-અગમ્ય-અગ્રાહ્ય અને અદ્ભુત મદન-કામદેવનું તત્ત્વ છે, તેવું પ્રેમ-દેવ હરનાથનું પ્રેમસ્વરૂપ છે.

શ્રી વ્રજવાસી મહાભાવ શ્રી અટલબિહારીનંદી "પાગલ હરનાથ" નામનાં ગ્રંથની પ્રસ્તાવનામાં લખે છે કે:

"હરનાથની ઉપમા હરનાથ છે—હરનાથ એ મનુષ્ય નથી પણ હરનાથ તે હરનાથ છે."

શ્રીહરનાથાષ્ટક ત્રીજામાં ઠાકુર શ્રીહરનાથનું સ્વરૂપ વર્ણવેલું છે તેનું વર્ણન વાંચો.

વેદ અને ઉપનિષદ્ આદિમાં,
જે ભક્તિ રત્નની સર્વ ગ્રાહ્ય કથા છે નહિ;
દત્તાત્રય વ્યાસાદિ ગૂરૂ અવતારે,
કે સ્વયં શ્રીકૃષ્ણે પ્રગટ કરેલી નથી. ૧

એવાં દુર્મિલ ભક્તિ રત્નો દશદિશમાં,
થોકમ થોક ઉડાવો છો;
છતાં હે રસમય! હે પ્રેમ શ્લોક!
તમે ભાવમય ભિખારી દેખાઓ છો!! ૨

અગ્રાહ્ય દુર્મિલ ભક્તિ રત્નો,
સર્વ ગ્રાહ્યરૂપે દિન ભાવે બક્ષિસ કરો છો;
હે ભગવતિ નંદન! હે કુસુમપતિ!
હું છું મંદમતિ! મૂજપ્રતિ, કરૂણાની દ્રષ્ટિ કરો!! ૩

પ્રિય વાંચક! હરનાથ એ કોણ છે? તે સંબંધે ચોક્કસ કોણ કહી શકે?! વેદનું તત્ત્વ તો ગૂઢ—જ્ઞાનીઓને જ્ઞાનગમ્ય હોય છે પણ હરનાથનું પ્રેમતત્ત્વ તો વેદને પણ અગમ્ય છે! આવાં પ્રેમનાં હૃદય ગમ્ય તત્ત્વ હરનાથને કૃપાપાત્ર પ્રેમીઓજ હૃદયથી જાણે છે! ઠાકુર હરનાથે પ્રેમીઓને અનેક રૂપે પોતાનાં તત્ત્વ-સ્વરૂપનું દર્શન કરાવ્યું છે, તે તત્ત્વ-સ્વરૂપનું હજુ અનેક રૂપે પ્રેમીઓ દર્શન કરે છે! આવા અનુભવી ભક્તો ઘણાં છે પણ ગૂઢ છે. હરનાથનાં સંબંધે પરિચય આપવા આ કલમ અશક્ત છે; પણ હરનાથ ઠાકુર એક ઉચ્ચ કોટીનાં મહાન પુરૂષ હતા એ વાત ચોક્કસ છે.

આવા મહાન પુરૂષને ઓળખવા એજ કઠણ છે તો તેઓનાં આત્મ ભાવના તત્ત્વ સ્વરૂપનું દર્શન—વર્ણન કરવું એ તો વળી મહાન કઠણ હોય એમાં શી નવાઈ જેવું છે?!!

પ્રેમ રસામૃત સિન્ધુ જેવા હરનાથનાં મહાન આત્માનાં મંથન કાળનાં છેલ્લા ભાવ ઝણકારાને જાણવા એ તો ઘણાંમાં ઘણું કઠણ છે, એ વાત હું જાણું છું, છતાં દેડકાંની પેઠે સાગરની વિશાળતા દેખાડવાનો આ હાંસી-પાત્ર પ્રયત્ન હું કેમ કરું છું?! હું મુંઢની પેઠે ગતિ કરૂ છું તે માટે મને ક્ષમા કરજો!! કેવળ સાક્ષાત ઈશ્વરનાં

અવર્ણીય ગુણો ગાવાનાં મળેલાં દુર્મિલ સૌભાગ્યથી હરખઘેલો થઈ યદ્વાયદ્વા લવારો કરી જાઉં છું તે માટે મ્હને ઉદાર દિલની માફી આપશો.

અવર્ણીય હરનાથનું વર્ણન.

હે ભગવતિ નંદન! તવગુણ ગાતાં,
શેષ સારદ થાકી જાય છે;
એવાં તવ અવર્ણિય ગુણ ગાવાં
ક્ષુદ્ર માનવ આજે કેમ સમર્થ થાય છે!!? ૧

મહા બુદ્ધિહીન, મહા અધમ હું,
તવ ગુણ કેમ વર્ણિ શકું?
હે કૃપામય! તવ કૃપાબલથી,
પ્રણામ કરવા આ બકી જઉં!! ૨

હે ભક્તિરસામૃતસિંધુ! હે પતિતબંધુ!
પ્રેમ ધનના અયાચિત દાન દો છો;
હે ભગવતિ નંદન! હે કુસુમપતિ!
હું છું મંદમતિ, મુજપ્રતિ કરૂણાની દ્રષ્ટિ કરો! ૩

શ્રી હરનાથાષ્ટક ૩ જું.

આવા પ્રેમપ્રભૂના ભાવ સ્વરૂપને મારા જેવો અપાત્ર ક્ષુદ્રજીવ જે વર્ણવવા બેઠો છે તે માત્ર 'કૃપા બલથી' અને પ્રણામ કરવાના હેતુથીજ છે એમ નક્કી માનજો !!

દેહ અને આત્માનું ભિન્નત્વ જાણનાર કોઇ સાચો તત્ત્વજ્ઞાની ઠાકુર હરનાથનો આ છેલ્લો સંદેશો સમજી શકશે.

પિંડપ્રસવ અને પ્રાણપ્રસવ (મૃત્યુ) એ બંનેયે જન્મ છે એવો અભેદ અનુભવનાર અભેદજ્ઞાની, ઠાકુર હરનાથનો આ છેલ્લો સંદેશો સમજી શકશે !

સકળ બ્રહ્માંડના સ્વામી ભગવાન પોતે. પ્રેમને વશ થઇને ધરાધામ ઉપર ભિખારી બનીને ગૂઢભાવે લીલાદેહ ધારણ કરી અવતાર લે છે એવો આંતરીક અનુભવ રાવનાર કોઇ પ્રેમી ભક્ત હશે તેજ ઠાકુર હરનાથનો આ છેલ્લો સંદેશો સમજી શકશે !

પ્રસૂતિનાં પ્રસવકાળની પીડા જેવો—પ્રેમીના સન્નિપાતિક પ્રલાપો જેવો-ગાંડા માણસનાં મગજની ઘેલછા જેવો—રસીકનાં હૃદયની રસોન્માદિની પિડિત દશા જેવો-પિડિત પ્રેમી હૃદયની વિરહ દશા જેવો ઠાકુર હરનાથનો આ છેલ્લો સંદેશોઃ—

કોઈ વૈદ્ય કે ભૂક્ત ભોગી હર્દિ,—
કોઇ આત્મ રોગી કે આત્મ જ્ઞાની,—
કોઇ પ્રેમ રોગી કે પ્રેમ ભોગી,—
કોઈ રસજ્ઞ કે રસ પિપાસુ—
કોઈ વિયોગી કે સંયોગી,—હશે તેજ જાણી શકશે!

પ્રેમ રસાશ્રત્ત સિંધુ પાગલ હરનાથનો આ છેલ્લો સંદેશો:—ગાગરમાં બંધાયેલા સાગરનાં ગંભીર ગર્જન જેવો અભય ગર્જન છે......ચંદ્રશેખર. ઠાકુર હરનાથનો આ છેલ્લો સંદેશો; દર્પણમાં બંધાયેલા ચંદ્રના રોધિત હાસ્યરવ જેવો શોક સંતાપહારક નિર્મળી વર્પણ છે!

ગુફામાં પુરાયેલા સિંહનાં અસ્ફુટ ગર્જન જેવા, કરૂણામય કેસરી ઠાકુર હરનાથનો આ છેલ્લો સંદેશો માયા ભય નિવારક પ્રસ્ફુટ ગર્જન છે!

ઉલૂક ઉરમાં બંધાયેલા સૂર્યની આવરીત કીર્ણ રાશીનાં કરબદ્ધ જેવા સુર્યમોલી ઠાકુર હરનાથનો આ છેલ્લો સંદેશો, કલિવશ નાસ્તિકને પ્રભુદર્શક ચક્ષુદા અનાવરીત અંજન છે!

કીટ પતંગમાં બંધાયેલા ચૈતન્ય દેવની પ્રભુતા પુર્ણ પ્રેમ લઘુતા જેવો, પ્રેમ ચૈતન્યદેવ ઠાકુર હરનાથનો આ છેલ્લો સંદેશો છે.

સ્થૂલ દેહમાં બંધાયેલા ચિર ચૈતન્ય દેવની હસ્તિનાં કરારપત્રનો અમર લેખ તે અમરનાથ ઠાકુર હરનાથનો આ છેલ્લો સંદેશો છે.

પીંજરામાં પુરાયેલા હંસનાં અવેગી ઉલ્લાસ જેવો પ્રેમ હંસ ઠાકુર હરનાથનો આ છેલ્લો સંદેશો અંતર ઉલ્લાસ પ્રેરક છે. એટલુંજ નહિ પણ :—

વિરહ વ્યાકુળ ચકોરીને ચંદ્ર જેવો આનંદદાયક લાગે છે તેવો આ હર સંદેશો ત્રિતાપ પિડિત વિરહીને શાન્તિ અને આનંદદાયક ચંદ્ર જેવો લાગે છે.

કલિ કલુષિત પાપાત્માને પલકમાં પાવન કરનારી 'કલિપાવની' ગંગા જેવો કલિ પાવન ઠાકુર હરનાથનો આ સંદેશો છે.

દિનદરિદ્રિ જીવોને મનવાંછિત ફળ આપનાર ઠાકુર હરનાથનો આ સંદેશો 'કલ્પવૃક્ષ' જેવો છે.

કામ લોહ મગ્ન પશુ જીવનને પ્રેમ સુવર્ણ જેવું દેવી જીવન બનાવનાર ઠાકુર હરનાથનો આ સંદેશો 'પારસ મણી' જેવો છે.

ત્યાગી ચક્રવર્તિ મહારાજાનાં એકાન્તિક 'આત્માનંદ' જેવો ઠાકુર હરનાથનો આ સંદેશો છે.

કમળમાં બંધાયેલા ભ્રમરનાં અસ્ફુટ ગુંજારવનાં 'ભ્રમરગીત' જેવો ઠાકુર હરનાથનો આ સંદેશો છે.

કુંજવનમાં છુપાયેલા કૃષ્ણની મધુર બંસીનાં જગ-જન-મન મોહક 'શૂર' જેવો ઠાકુર હરનાથનો આ સંદેશો છે.

મહા રાસ માયાના મહા રાસ સમયનાં ભાવ ભૂષિત હૃદય સુંદર સંગીત જેવો ઠાકુર હરનાથનો આ સંદેશો આત્મ સુંદર છે.

સ્વામિભકત સેવકની અનન્ય ભક્તિના 'આદર્શ' જેવો ઠાકુર હરનાથનો આ સંદેશો છે.

સતિ સ્ત્રીનાં હૃદયની જાજ્વલ્ય સ્વામિ સેવાનાં 'તિવ્રવેગ' જેવો ઠાકુર હરનાથનો આ સંદેશો છે.

જગતની માનવ જાતિને અંતિમ કલ્યાણનો રાજ-માર્ગ બતાવનાર ઠાકુર હરનાથનો આ સંદેશો 'ભોમીયા' જેવો છે.

કલિમાં માનવકૂળને સુખ સૌભાગ્ય અને કીર્તિરૂપ ઠાકુર હરનાથનો આ સંદેશો 'બાળચંદ્ર' જેવો છે.

વિશ્વપ્રેમનો પાઠ શિખવનાર ઠાકુર હરનાથનો આ સંદેશો 'ઓધવજીનાં સંદેશા' જેવો છે.

ગોપીયોનાં ગુપ્ત ભાવનાં ગોપી ગીત જેવો ઠાકુર હરનાથનો આ સંદેશો દુર્લભ પ્રેમ ભાવના 'પ્રેમ સંગીત' જેવો છે.

મહાસતી દમયંતિના રાજભુવને 'હંશ સંદેશા' જેવો ઠાકુર હરનાથનો આ સંદેશો મહામાયાને રાજમહેલે હંશ સંદેશા જેવો છે.

કાલિદાસનાં 'મેઘદૂત' જેવો પ્રેમ ભાવની પુર્વ સ્મૃતિને જાગૃત કરનારો ઠાકુર હરનાથનો આ સંદેશો 'પ્રેમ સ્મરણીય સ્ફુર્તિ' જેવો છે.

હનુમાનનાં 'રામ સંદેશા' જેવો ઠાકુર હરનાથનો આ સંદેશો પતિભક્તિ—અને નામ જપનાં મહાત્મ્યને આપનાર પૂર્ણ વિરામ સંદેશો છે.

સર્વ ધર્મોના કુરાન, પુરાણ—બાઈબલ—અવસ્થા—ગાથા સૂત્રો—વેદ—ઉપનિષદ—ગાયત્રી—મહાભારત—ભાગવત અને ગીતા વગેરે પવિત્ર ગ્રંથોનું ગૂઢ રહસ્ય અને ગૂઢ-તત્ત્વ પ્રગટ બનાવનાર ઠાકુર હરનાથનો આ સંદેશો 'રહસ્યચાવી' જેવો છે.

જેમ સેન્ટઅત્તરમાં લાખો ફુલોની સુગંધ ભરેલી હોય છે—ગોળમાં જેમ લાખો શેરડીનો રસ ભરેલો હોય છે—કપુરનાં અર્કમાં લાખો તોલા કપુરની સુગંધ ભરેલી હોય છે—ચુંબકમાં જેમ આકર્ષણ વ્યાપેલું હોય છે—આગ પથરીમાં જેમ આગ છુપાયેલી હોય છે, તેમ રસ, સુગંધ આકર્ષણ અને આગ પ્રકાશ, ઠાકુર હરનાથનાં આ સંદે-

શામાં એકઠા-એકત્ર થયેલાં છે; જેનો નિત્ય પાઠ કરવાથી અનુભવ થશે.

અપુત્ર કુટુંબને ત્યાં પુત્રનો જન્મ થવાથી જેવો આનંદ થાય છે–ચાતકપક્ષીને સ્વાંતિજલથી જેવો આનંદ થાય છે. ચકોરીને ચંદ્રદર્શનથી જેવો આનંદ થાય છે, ભુખ્યાને અમૃત ભોજનથી જેવો આનંદ થાય છે, નાગને મોરલી નાદથી જેવો આનંદ થાય છે–યુગલ ચક્રવાકને સુર્ય ઉદયથી જેવો આનંદ થાય છે, વિરહી વલ્લભાને સ્વામિ મીલનથી જેવો આનંદ થાય છે. મંત્ર સાધકને ફલસિદ્ધિથી જેવો આનંદ થાય છે. નિર્ધનને ધન સંપત્તિ મલવાથી જેવો આનંદ થાય છે, ઘુવડને લોચન તેજ મલવાથી જેવો આનંદ થાય છે, ભયાક્રાન્ત બકરીના બચ્ચાંને વનરાજથી અભય મલતાં જેવો આનંદ થાય છે, અને મૂર્છિતને મૃતસંજીવની માત્રાથી જેવો આનંદ થાય છે તેવો આનંદ ઠાકુર હરનાથનો આ સંદેશો કોઇ વાંચશે વંચાવશે–મનન પઠનપાઠન ફરી ફરી નિત્ય કરશે–કરાવશે તો તેને સ્વાત્મ અનુભવ થશે અને જીભથી કહી શકાય નહિ એવો આત્મિક લાભ નિઃસંશય થશેજ.

હરનાથનો સામાન્ય સ્વભાવ અકારણ કરૂણા કરવાનો છે, જેનું રૂપ સ્હેજે મધુર લાગે છે–પ્રેમનું દુર્લભ દાન

દેવાવાળા જે દાતાર છે. અને કલિકાલને પાવન કરવા માટે જેણે અવતાર ધર્યો હતો–ઠાકુર હરનાથ પ્રેમ-સ્નેહ અને સ્મરણ ભાવે હમેશાં શાશ્વત છે–સનાતન છે અને નિત્ય પ્રગટ છે.

ઠાકુર હરનાથનું સ્વરૂપ.

સર્વ ધર્મ શાસ્ત્રોમાં જે સ્વરૂપ તત્ત્વનું,
વર્ણન કથન કરેલ છે;
તેજ દુર્લભ તત્ત્વનું પ્રગટ સ્વરૂપ,
સુલભરૂપ જેણે ધરેલ છે! ૧

અજ્ઞપ્રજ્ઞ ઉચ્ચનિચ જીવ માત્રનાં,
સૂખદુ સાધન જે સમાન છે;
શ્રી કલિપાવનાવતારી ઘટઘટ વ્યાપી,
પ્રગટ પ્રેમ નિધાન છે! ૨

જીવેને કાર્યે ઘણા નહિ,
કંગાલનાં કલ્પતરૂ સાક્ષાત છે;
દિનતામય પતિત બન્ધુ, શ્રી ભગવતિ નંદન,
કુસૂમનાથ શ્રી કાન્ત છે! ૩

કલિકાલે અકારણુ કરૂણા કરી,
આત્મ પ્રેમનાં દાન દે છે;
તે શ્રી અટલનાથ હરનાથ શ્રી ચૈતન્યને,
પ્રણુમું નમું હું ફરી ફરી!! ૪

શ્રી હરનાથાષ્ટક રજું.

"આ સંદેશો હરનાથ ઠાકુરે લીલા વિસ્તારની પહેલાં દશ માસ પુર્વે એટલે તા. ૩ જી જુલાઈ ૧૯૨૬; શ્રી જગન્નાથપુરીમાં જન્મ મહોત્સવ સમયે સ્વહસ્તે લખીને 'શ્રી હરનાથ સોસાયટી-મુંબઈ' ને પ્રગટ કરવા મોકલેલો હતો, જે સંદેશો હરનાથ ઠાકુર તા. ૨૫ મે ૧૯૨૭ બુધવારે દેહાન્તર પ્રયાણ કરી ગયા પછી દશ માસે ઈંગ્રેજી-ગુજરાતી મુંબઈનાં જાહેર પત્રોમાં પ્રગટ થયેલ છે.

કંગાલના કરૂણામય ઠાકુરે દશ માસ પહેલાં પોતાની દેહાંન્તર-પ્રયાણ ઇચ્છા જાહેર કરી દીધી અને દશ માસ પ્રયાણ ઇચ્છાને લંબાવી રાખી. પોતાનું ભાવી દશ માસ સુધી અટકાવીને સ્વસ્વરૂપનો અદ્‌ભૂત પરિચય જગતનાં માબાપને આપેલો છે.

આ છેલ્લા સંદેશાનાં અષ્ટ સ્વરૂપનું વર્ણન યથા-શક્તિ લખ્યું છે તેમાંથી સાર ગ્રહણ કરી ભૂલ માટે ક્ષમા આપશો. ગુજરાતી વાંચકોના દૃષ્ટિપથની આ આત્મ-હિતકરમૂર્તિ ચિત્તપટમાં મૂર્તિમંત પ્રગટો એટલી પરમ કરૂણામય પ્રભુને શ્રી યુગલ ચરણ કમલે નમ્ર પ્રાર્થના કરી વિરમું છું !"

— વિઠ્ઠલાનુરક્ત-વિનય —

સ્મરણ દર્શન વંદન, અને સેવા શ્રવણથી
કરે ચિરવહન યોગ ક્ષેમનાં
ત્રિતાપ ભય દૂરે કરી; દે છે અભય દાન પ્રેમનાં



એવા તાત શ્રી હરનાથ છે. એવી કુસુમ માત સાક્ષાત છે.

ચરણ તારે શરણ તારે, સ્મરણ તારૂં હું કરૂં;
કંગાલનાં ઠાકુરશ્રી હરનાથ.



ભાવ આશા મનોરથો, તાહરાજ પંથે હું ફરૂં!!

શ્રી પ્રેમ શ્લોકી

શ્રી કલિ પાવની

શ્રીમતિભગવતિગીતા

અથવા

વિશ્વનંદન

ઠાકુર શ્રી હરનાથ

પ્રણિત

સ્વહસ્ત લીખાત.

આત્મહિતકર પ્રાણસુંદર

છેલ્લો સંદેશો.

કાવ્ય કર્તા-વિઠ્ઠલાનુરક્ત

વિનયકાન્તકૃપાશંકરઉદ્દાણી.

અથ શ્રી પ્રારંભ

[૧]

ભાવમૂગ્ધ અણબોલ દશાનું સ્વરૂપ દર્શન.

ભરત ભૂમિનાંને અણમોલ જગનાં.
માતા પિતાઓ મારા!
ઝીલો આ સંદેશ કહું તે.
ધરજો શ્રવણેજ ઓ પ્યારા! ૧

વાયુ તણાં સુસવાટ જોરે,
ઉછળે છે મોજાં સાગરતણાંજ છોળે:
તરંગ માળા એવી રચાયે,
સાગર તણાં વિશાળ ખોળે. ૨

એ સાગર તણાં તરંગો.
સાગર માંહી સમાયે;
સાગર તણીજ મહત્તા.
કહો કોથી કથા શકાયે?!! ૩

મૂળજ ફેર ઉદધીમાં આજે,
ઉર્મિઓ ઉઠે છે અનેક:

એ ઉર્મિયો બીજી પળે:
સમી જાયે છે જર છેકે. ૪

ભરેલાં છે એ ઉર્મિમાં,
ભાવનાં રૂપ જેર જેર:
લખી બોલીને હું.
કેમ સમજાવી શકું તે ? ! ૫

"સર્વાતિત છે સ્વરૂપને.
અક્ષર પરમ મમ ધામ છે;
અક્ષરાતિત કેમ લખાયે ?
નેતિ નેતિ કહી વેદ ગાયે." ૬

લખી બોલી સમજાવાની.
નથી શક્તિ જરા યે:
વાણી વિરામ પામી,
કહો શાથી વદાયે ? ! ! ૭

[૨]

હૈયા હોઠની ઐક્યતા—હૃદય નગ્ન સત્ય.

નથી કંઈ મારી પાસે.
ગૂઝ રાખવા જેવું:
ગુપ્ત નહિ રાખીશ કંઈએ.
કદી હશે સઘળું કહેવાનું. ૧

ગૂઢમાં ગૂઢ ઉરનીજ વાતો,
કહું છું આજે તમોને;
બંધાયો છું મારીજ મેળે,
શી જરૂર છે બાંધવા દોરડાંની?! ૨

પકડ્યા છે મને તમે જો,
પકડી રાખજો મને સદા તો;
તમારૂં મારૂં આ '**આત્મલગ્ન**' થયું છે.
એ લીલા છે ઈશની એમ ગણજો! ૩

[૩]

અનાદિ સિદ્ધ નટેશ્વરનું સ્વરૂપ દર્શન.

અહા! આ વિશ્વ છે,
રંગભૂમિ જ મારી;
ખેલ ભજવતો રહ્યો છું,
અનાદિ કાળથીજ અહીં. ૧

આવું છું ને જાઉં છું,
ખેલ ભજવવાજ કાજે,
'**સૃજ્યાહમી યુગે યુગે,**'
એ સત્ય સૂત્ર વિરાજે. ૨

અગમ અગોચર છે,
સંતાકૂકડી જેવી આ લીલા;
કોયડા જેવું ગહન છે,
જીવન મારૂં જો આ પ્યારા!! ૩

[૪]

દેહાન્તર—નૂતન દેશે ગમન—પુનરાગમન ક્રીડાકર સ્વરૂપ દર્શન.

ગયાં છે થાકી,
તન મન મારાંજ હાલે;
આવી સ્થિતિમાં જતશે,
સમય કેટલો કોણ જાણે? ૧
સ્નેહનાં અંધેનો આ,
તન મનથી નહિ સહાય;
હવે થયાં છે ખેલ જુનો,
નથી રસ પડતો જરાયે! ૨
'જાઉં છું નવે દેશે,
નવો વેશ ધરવા;
આવીશ હું ફરી અંહી.
ખેલ નવીન કરવા.' ૩

જાઉં તો પણ ઠીક છે.
રહું તો નથી હાની મનેયે,
યોગ ક્ષેમ વહ્યામી:
પ્રેમ પંથે સદાયે. ૪

ઇચ્છું શું હું એટલું કે.
જન્મો જન્મ મારાજ રેજો,
હું રહું તમારો મને તમારો ગણજો. ૫

[૫]

માયાનું સ્વરૂપ-સમય દર્શન. સત્ય ચેતવણી-હંસસ્વરૂપ.

ખોટાં માયા તેજથી,
બુદ્ધિવાન આજે ભૂલે છે:
સુખ શાન્તિ લેવા,
માયા પાછળ મોહે ફરે છે. ૧

નથી મળતાં સુખ શાન્તિ,
માયા તણી આશ કરતાં;
મળે છે દુપટ દુઃખ અંધાર,
માયા તણે સાથ ફરતાં. ૨

"મયા વિલાસે ખોટાં તેજે,
સહુ કો ફસી ગયા છે;
આધ્યાત્મિક સૃષ્ટિ,
ઘોર અંધારે ડુબી ગઇ છે. ૩

ચેતવણી આ આપું છું,
તે ભૂલશો નહિ કદાયે;
ખોટાં માયા તેજથી,
ચેતતા રહેજો સદાયે. ૪

[૬]

દેહાન્તર નિશ્ચય–ચિરસંગ–ગહનલીલા સ્વરૂપ દર્શન.

થશે નહિં ચિંતા તમને,
મારા જવા આવવાથી;
તમે છો મારા,
પ્રેમ ખેલનાં પાત્ર શાથી. ૧

મહા રાસ માયાનો,
આ ખેલ સદા જાણીયે;
"તમે અને હું પાત્ર છઇયે."
શાને તર્ક ચિંતાજ કરીયે!! ૨

પ્રેક્ષકોનાં નયનમાં,
જાદુઈ ભૂરકી નાંખીને;
જાદુગર મહાસાગરે,
જેમ અદ્રશ્ય થાયે! ૩

ભ્રમથી સમજે પ્રેક્ષકો.
એ લાડી ડૂબી ગયો છે;
જૂવે છે શાથી તેનો કે,
મારી પાસે ઉભો છે. ૪

અદ્રસ્ય થતાં પ્રેક્ષકો સમજે છે કે,
હું દૂર છું;
તમે છો મારાં સાથી,
તમારી પાસે હું ચિર છું. ૫

અદ્રસ્ય કે દૂર હું થાઉં તો,
કરશો નહિ આશ્ચર્ય ચિંતા;
સંગે સાથે ચિર રહું,
અદૂર રહું તમારી પાસે!! ૬

અગોચર ગોચરની,
આ સાદી રમત છે માહરી;
વિદ્વાનોને ગમ પડે ના,
બાજી આ કોકડા જેવી! ૭

[૭]

ત્રિકાળ સિધ્ધ–ચિર વિહારી

સ્વરૂપ દર્શન.

ત્રણ વખત જે પાત્રને,
પાઠ કરવાનો હોયે;
એક બે પાઠ કર્યા પછી,
તેનાંથી કેમ દૂરે જવાયે! ૧

ત્રીજી વખત પાઠ કરવા,
પ્રેક્ષકો સમીપ આવે;
ઓળખે ન પ્રેક્ષકો તેને,
ફરી ફરી એજ પાત્ર આવે. ૨

ત્રિકાળે પાઠ કરૂં હું,
આ રંગભૂમિ પરે હું;
નામ રૂપ વેશ બદલી,–
આવું છું ભૂમિપરે હું! ૩

આવ્યો હતો ભૂતમાં,
આવ્યો છું વર્તમાને:
હવે હું જાઉં છું પાછો,
ભાવીમાં આવીશ પાછો. ૪

ચિંતા વિચાર નહિ થાય,
તમને લગારે જરાયે:
તમે છો મારાં સ્નેહી,
ઓળખ્યા લેશો મનેય! ૫

આ ખેલ ભજવી હવે,
હું જાઉં છું દેશ બીજે:
તમોને સુખી જોતાં જોતાં,
હું જાઉં છું દેશ બીજે! ૬

તમો બંધાઓ છો:
કીર્તિ મારી સદાની:
સંપૂર્ણ પવિત્ર બનો,
એ ઇચ્છા મારી સદાની! ૭

[૮]

અંતિમ આદેશ—સત્ય સ્વરૂપ દર્શન.

સ્વામિ તણી સેવા તજી,
અન્ય ક્યાંયે જશોનાં;
ચાર દિનની ચાંદની જેવા,
ક્ષણિક મોહને વશ થશોનાં! ૧

નયન સુંદર મોહને,
વશ કદિ થશો જન;
હૃદયસુંદર સુખને,
ગૂમાવી બેસશો તો! ૨

ચિરસ્થાયી પ્રેમ હૃદયનો.
મળે છે સ્વામિ ભક્તિથી;
અખંડ સુખો જીવનનાં,
મળે છે સ્વામી સેવથી. ૩

સ્વામિ તણી સેવા કરી,
મેળવજો શ્રેષ્ટ સ્વામિ પ્રેમને;
સ્વામિ સુહાગિણિ થાજો.
સેવા સુંદરી પદ પામીને. ૪

છેલ્લામાં છેલ્લી એક વાત,
કહી દઉં છું તમોને;
બાકી રહેલો પાઠ જે.
ભજવતા રહેજો તમો તે. ૫

... ...સ્નેહી હર–
સ્નેહી હર ગોપાલનો,
આ છેલ્લો સંદેશો સ્નેહનો;
વાંચે ગાયે સાંભળે તેને.
મળે લાભ હર સ્નેહનો! ૬

ઈતિ શ્રી કલિપાવની–પ્રેમ શ્લોકી
શ્રીમતિ ભગવતિ ગીતા
— અથવા —
વિશ્વનંદન શ્રી ઠાકુર હરનાથના
આત્મહિતકર–પ્રાણસુંદર
છેલ્લો સંદેશો
સમાપ્ત.

શ્રી પ્રેમ શ્લોકી
શ્રી કલિ પાવની

શ્રીમતિભગવતિગીતા

અથવા

વિશ્વનંદન
ઠાકુર શ્રી હરનાથ
પ્રણિત
સ્વહસ્ત લીખીત.
આત્મહિતકર-પ્રાણસુંદર
છેલ્લો સંદેશો.

અનુવાદક-વિઠ્ઠલાનુરક્ત
વિનયકાન્તકૃપાશંકરડિહાણી.

આત્મ ભાવ નિવેદન.

સંદેશો લખવાનું કારણ-વિશ્વ પ્રેમ.

પ્રયોજન-સ્વ પરિચય.

મૂળ વસ્તુ:-આવીર્ભાવ, તીરોભાવ, પૂનરાગમન.

લેખન સ્થળ :-શ્રી જગન્નાથપૂરી શ્રી હરનાથાશ્રમ

સ્વર્ગદ્વાર.

લેખનસમય-તા. ૩ જુલાઈ ૧૯૨૬, જન્મમહોત્સવ.

સાક્ષી-સ્વહસ્તાક્ષર.

દેહાન્તરતિથિ-તા. ૨૫ મે ૧૯૨૭ બુધ.

સંદેશો પ્રગટ સમય-૧૯૨૭ જુન.

છેલ્લો સંદેશો અંગ્રેજી ભાષામાં તેનું

ગુજરાતી ભાષાન્તર.

કલિ કાલરૂપ કુરૂક્ષેત્રનાં મેદાનમાં જગત ભરના માબાપની સામે ઉભા રહી, સ્વસ્વરૂપનો પરિચય-સત્ય નિવેદન અને જન્મ ધારણ-ગમન તથા પૂનરાગમનનું તત્ત્વ હરનાથ ઠાકુર બાલક સંબંધ ભાવે સંભળાવે છે.

[૧]

ભાવમૂગ્ધ અણબોલ દશાનું સ્વરૂપ દર્શન.

ભરત ભૂમિનાં અને અખીલ જગતનાં, હે મારા માતા પિતા! હે વ્હાલા માબાપ! હું આ છેલ્લો સંદેશો તમોને કહું છું. તે શ્રવણ કરો!

હે માબાપ! ગાંડા માણસનાં મગજમાં જેમ એક પળમાં અનેક વિચારોનાં તરંગો ઉત્પન્ન થાય છે, અને બીજી પળે અગાધ મહાસાગરમાં સમાઈ જાય છે; તેમ આ પળે મારા હૃદયમાં ભયંકર તોફાન મચી રહ્યું છે. આ તોફાનનાં વિચારો હું કોઈ પણ રીતે તમોને કહી શકું તેમ નથી. તો લખી બોલીને કેમ સમજાવી શકું? !

હે માબાપ! લખીબોલીને મ્હારાં વિચારો સમજાવવાની કોઈપણ શક્તિ મારામાં છેજ નહિ!......હે માબાપ! મ્હારો પરિચય આપવા હું અશક્ત છું, કારણ કે જેને મ્હારી વાણીજ વિરામ પામી ગઈ છે તો કહો! હવે કયા સાધનથી સમજાવું!

[૨]

હૈયાહોઠની એકયતા—હૃદય નગ્ન સત્ય. સ્વરૂપ દર્શન.

હે માબાપ ! કંઈજ ગુપ્ત રાખવા જેવું મારી પાસે નથી તેમ કહેવા જેવું કંઈ પણ મ્હારી પાછળ રાખીશ નહિ. જે કહેવાનું છે તે બધુંયે હું તમોને કહી દઉં છું. ગૂઢમાં ગૂઢ વાત હું તમોને કહું છું તે સાંભળો. હે માબાપ ! જો હું મારીજ મેળે બંધાયો છું, તો હવે મને બાંધવા માટે (સાધન) દોરડાંની તમારે શી જરૂર છે? જો તમોએ મને પકડ્યો છે તો હવે સદાને માટે મને પકડી રાખજો. તમારૂં અને મારૂં આ **આત્મલગ્ન** થયું છે એ ઈશ્વરની લીલા છે એમ નક્કી માનજો.

[૩]

અનાદિ સિદ્ધ નટેશ્વરનું સ્વરૂપ દર્શન.

હે માબાપ ! આ વિશ્વ મારી રંગભૂમિ છે; તે ઉપર અનાદિ કાલથી હું ખેલ ભજવતો રહ્યો છું. ખેલ ભજવવા માટે હું અનેકવાર આવું છું અને જાઉં છું ! હે માબાપ આવી રીતે કોણ જાણે ક્યાં સુધી સંતાકુકડી મારે રમવી પડશે ?! ખરેખર મ્હારૂં જીવન કોયડા જેવું છે!!

[૪]

દેહાન્તર–નૂતન દેશે ગમન–પુનરાગમન ક્રીડાકર સ્વરૂપ દર્શન.

હે માબાપ! મારાં શરીર અને મન બંનેય હાલમાં થાકી ગયાં છે, છતાં આવી થાકેલી સ્થિતિમાં હજુ આંહી હું કેટલો સમય ગાળીશ તેની મને જરાયે ખબર નથી?! હે માબાપ! ચારે બાજુનાં બંધનો હવે હું આ તનમનથી સહન કરી શકું એમ નથી. આ વખતનો ખેલ પણ હવે જુનો થઇ ગયો છે. આ ખેલ ભજવવામાં હવે મને જરાયે રસ પડતો નથી. આવાં કારણોને લઇ **હવે હું નવા દેશમાં નવો વેશ ધરવા માટે જાઉં છું અને પાછો નવો ખેલ ભજવવા માટે હું આંહી આવીશ.** હે માબાપ! હું જાઉં તો પણ ઠીક છે અને રહું તો મને કંઇજ હાની જેવું નથી. હે માબાપ! મને જન્મોજન્મ તમારો ગણજો. **તમો બધાંઓ જન્મોજન્મ મારા રહો અને હું તહમારો રહું એટલુંજ** ઇચ્છું છું!!

[૫]

માયાનું સ્વરૂપ–સમય દર્શન, સત્ય ચેતવણી–હંસસ્વરૂપ.

આજકાલ ડાહ્યામાં ડાહ્યા માણસો પણ માયાનાં ખોટા તેજને ખરૂં તેજ ગણીને પ્રકાશ અને શાન્તિ મેળવવાની આશાથી માયાની પાછળ દોડી રહ્યાં છે પણ તેમ કરવા જતાં તેઓ નિરાશ થાય છે અને પરિણામે ઘોર અંધકારથી તથા દુષ્ટ દુઃખથી ઘેરાઈ જાય છે! એક તરફ સહુ કોઈ માયાનાં વિલાસમાં ફસાઈ ગયા છે અને બીજી તરફ **આધ્યાત્મિક** સૃષ્ટિ ઘોર અંધકારમાં ડુબી ગઈ છે! આટલા માટે **માયાનાં ખોટા તેજથી ચેતતા રહેવા** તમોને હું ચેતવણી આપું છું તે કદિપણ ભૂલી જશો નહિ!!

[૬]

દેહાન્તર નિશ્ચય–ચિરસંગ–ગહનલીલા સ્વરૂપ દર્શન.

હે માબાપ! મ્હારા જવા કે આવવાથી તમોને જરાપણ ચિંતા થશેજ નહિ; કારણ કે, તમો મ્હારાં છો,

જેઓ મ્હારાં ખેલમાં સામેલ થયેલા છે તેઓ શું મ્હારા જવા આવવા માટે વાતો કે વિચારો કરશે ? ના.

જેમ કોઈ એક જાદુગર ખેલાડી ખેલ કરતાં કરતાં હજારો માણસોની આંખોમાં જાદુઇ ભૂરકી નાંખીને મહા સાગરમાં ઝંપલાવી દઇને (અદ્રસ્ય) ગૂમ થઈ જાય છે: પણ તે જાદુગર ખેલાડી શું ખરેખર સમૂદ્રમાં ડુબી જાય છે ? ના. તે તો બધાં જોનારાંઓની વચ્ચેજ હોય છે પણ તેનાં જોડીદાર શિવાય બીજા કોઇ તે ખેલાડીને દેખી શકતા નથી. હે માબાપ ! આ જાદુગર ખેલાડીની પેઠે જો હું અદ્રસ્ય થાઉં તો તે માટે શું તમોને નવાઇ લાગશે ? ! હા; ઘણાંકો તો મ્હને અદ્રસ્ય થયેલો જાણી ચિંતા કરશે; પણ મ્હને જાણનારાઓ છે તે તો મ્હને હમેશાં પોતાની પાસેજ હાજર છું એમ અનુભવશે. હે માબાપ ! જો કે મ્હારી આ સાદી રમત છે તો પણ તે વિદ્વાનોને, ગમ પડે નહિ તેવી અણ ઉકેલાયા કોકડા જેવી આશ્ચર્યકારક લાગે છે ! !

[૭]

ત્રિકાળ સિધ્ધ–ચિર વિહારી સ્વરૂપ દર્શન.

એક બીજો દાખલો આપું છું જરા ધ્યાન આપો !

એક પાત્રને ત્રણ વખત જૂદો જૂદો પાઠ ભજવવાનો હોય છે, રંગભૂમિ ઉપર, તો તે પહેલો અને બીજો પાઠ ભજવ્યા પછી શું અદ્રશ્ય થઈ શકે છે? ના, તે ત્રીજો પાઠ ભજવવાનો વેશ સજીને પ્રેક્ષકોની સામે હાજર થાય છેજ. નવનવા વેશથી ત્રણ પાઠ ભજવનાર એક પાત્રને પ્રેક્ષકો ઓળખી શકે નહિ પણતેનાં સાથીઓ (સાક્ષીઓ) તો તે પાત્રને દરેક વેશમાં સ્હેલાઈથી ઓળખી લે છે. આ દ્રષ્ટાંત મુજબ હે માબાપ! **'આ રંગભૂમિ ઉપર ભૂતકાળમાં હું આવ્યો હતો. વર્તમાનમાં આવ્યો છું અને ત્રીજો પાઠ ભજવવા માટે ભવિષ્યમાં હું પાછો આંહી આવીશ;'** તે વખતે પ્રેક્ષકો નહિ પણ મ્હારા સાથી સ્નેહીઓ મને સહજમાં ઓળખી લેશે.

હે માબાપ! મ્હારા જવા કે આવવા માટે હવે તહમો વિચાર કે ચિંતા પ્રેક્ષકોની પેઠે કરશો નહિ.

હે માબાપ! આ વખતનો ખેલ ભજવી હવે હું **બીજા દેશમાં જાઉં છું.** હે માબાપ! **તહમોને સુખી જોતાં જોતાં હું બીજા દેશમાં ચાલ્યો જાઉં છું!!**

હે માબાપ! તહમો બધાંઓ **મ્હારી હમેશની કીર્તિ છો. તહમો સહુ સંપૂર્ણ પવિત્ર બનો,** મ્હારી હમેશની ઈચ્છા છે!!

[૮]

અંતિમ આદેશ માયા અને સત્ય-પતિ ભક્તિ-સ્વામિ સેવાનું તત્ત્વ સ્વરૂપ દર્શન.

તહમારા સ્વામિની સેવા સિવાય બીજે ક્યાંયે જશો નહિ. ચાર દિનની ચાંદની જેવો બહારનો મોહ મેળવવા જો જશો તો જીવનનાં અખંડ સુખને ગૂમાવી બેસશો! **હૃદયનો ચિરસ્થાયી પ્રેમ તો ફક્ત સ્વામી સેવા-થીજ મળે છે!** માટે સ્વામિની સેવા ભક્તિ કરીને સ્વામિના સર્વોત્તમ પ્રેમને મેળવી **સ્વામિ સુહાગિણિ બનજો** અને **સેવા સુંદરીનું પદ પ્રાપ્ત કરજો!** હવે છેલ્લામાં છેલ્લી એક વાત કહી દઉં છું કે; **તહમારો બાકી રહેલો પાઠ તહમે ભજવતા રહેજો!!**

તહમારો સ્નેહી હર.

ઈતિ શ્રી કલિપાવની-પ્રેમ શ્લોકી

શ્રીમતિ ભગવતિ ગીતા

— અથવા —

વિશ્વનંદન શ્રી ઠાકુર હરનાથનો

સ્વહસ્ત લીખિત-

આત્મહિતકર-પ્રાણસુંદર

છેલ્લો સંદેશો

સંપૂર્ણ.

શ્રી પ્રેમ શ્લોકી

શ્રી કલિ પાવની

श्रीमतिभगवतिगीता



શ્રી

ત્રય

હ ર ના થા ષ્ટ ક .

કર્ત્તા :—વિઠ્ઠલાનુરક્ત

વિનયકાન્તઠીપાશંકરઉદ્દાણી.

શ્રી હરનાથાષ્ટક,

અથ

અષ્ટક ૧ લું.

[૧]

શીવ બ્રહ્માદિ દેવો,
ચિર કાલ સપ્રેમ સેવા કરે છે;
દેવાધિ દેવો માનવ દેહે,
તવ ચરણે શીર મૂગટ ધરે છે. ૧
સૌન્દર્ય માધુર્યને,
પ્રેમાકર્ષણ સર્વત્ર વિસ્તરે છે;
અભેદ સમાન પ્રેમ ભક્તિનું,
અયાચીત દાન દુર્લભ કરે છે. ૨
અંતરંગ નિજ ભક્ત જનને,
આવરણ રહિત ભજન સાધન દીયે છે;
એવા શ્રી નાથાવંશ હંશ ગોપાલ શ્રી હરનાથજી!
એવા શ્રી વિઠ્ઠલવર હરનાથજી!
મૂજ ચિત્તપટે નયન પથે, ચિર વસજો! ૩

ભાવાર્થ:—

શીવ બ્રહ્માદિ દેવો જેની પ્રેમ સહીત હમેશાં સેવા કરે છે અને દેવાધિદેવો માનવ દેહને ધારણ કરી તમારા

ચરણે માથાનાં મુગટ નમાવે છે. હે ત્રિદેવ પૂજ્ય શ્રી નાથા વંશ હંશ ગોપાલ–શ્રી વિઠ્ઠલવર હરનાથ! અંતર વિના નિરંતર મારા ચિત્તના પટમાં અને નયનનાં પથમાં હમેશાં વસ્યા કરજો !

સુંદરતા મધુરતા અને પ્રેમનાં આકર્ષણને જે સઘળે ફેલાવ્યા કરે છે અને ભેદભાવ વિનાની સમાન પ્રેમદ્રષ્ટિથી પ્રેમભક્તિનું માગ્યા વિના દુર્લભ દાન આપે છે; એવા હે પ્રેમ સ્વરૂપ! શ્રી નાથાવંશ હંશ ગોપાલ શ્રી વિઠ્ઠલવર હરનાથ! અંતર વિના નિરંતર મારા ચિત્તનાં પટમાં અને નયનનાં પંથમાં હમેશાં વસ્યા કરજો !

અંતરંગ નિજ ભક્તજન છે તેઓને આવરણ રહિત એવું ભજન સાધન દીયે છે, એવા હે ભજન સાધનદાતા શ્રી નાથાવંશ હંશ ગોપાલ! શ્રી વિઠ્ઠલવર હરનાથ! અંતર વિના નિરંતર મારા ચિત્તના પટમાં અને નયનનાં પંથમાં હમેશાં વસ્યા કરજો.

[૨]

નિજ પ્રેમાકર્ષણથી ખેંચી,
શ્રી ચરણ આશ્રિત કરે છે;
શ્રીપાદ પદ્મરૂપ અભય સ્થાનમાં,
અકારણ કરૂણા કરી ધરે છે. ૨

સર્વ ધર્મનાં પરમ તત્ત્વની,
તમે સાક્ષાત મૂર્તિજ છો;
સર્વ અખુટ સંપતિ ભંડારનાં,
સ્વામિ દાતા સાક્ષાત છો. ૨

વ્રજ ગોપીકા અને નિજ દાસને,
પ્રેમ ભક્તિ મધુ પાન કરાવો;
અંતર ભાવ ઉદય કરી.
નવલ રસ રૂપ ધવલ ધરાવો. ૩

યોગી મૂનિયોને દુર્લભ ને અગમ્ય,
એવી સર્વાંશ ભક્તિનાં દાન દે છે;
એવા શ્રીનાથાવંશ હંશ ગોપાલ શ્રીવિઠ્ઠલવરહરનાથજી,
મુજ ચિત્તપટે નયન પંથે, ચિર વસજો! ૪

ભાવાર્થ:—

જે પોતાના પ્રેમ બલથી બંધોને શ્રી ચરણના આધીન કરે છે અને શ્રી ચરણ કમલરૂપ અભય સ્થાનમાં અકારણ કરૂણા કરીને આશ્રય આપે છે. એવા હે અકારણ કરૂણા કર્તા! શ્રી નાથાવંશ હંશગોપાલ શ્રી વિઠ્ઠલવર હરનાથ! અંતર વિના નિરંતર મારા ચિત્તના પટમાં અને નયનનાં પંથમાં હમેશાં વસ્યા કરજો!

સઘળા ધર્મનાં પરમ તત્ત્વની જે સાક્ષાત મૂર્તિ છે. અને સર્વ સંપત્તિના અખૂટ ભંડારનાં સ્વામિ છો અને

સાક્ષાત દાતા છો એવા હે ધર્મમૂર્તિ! શ્રી નાથાવંશ હંશ ગોપાલ શ્રી વિઠ્ઠલવર હરનાથ! અંતર વિના નિરંતર મારા ચિત્તના પટમાં અને નયનનાં પથમાં હમેશાં વસ્યા કરજો!

વ્રજની ગોપીઓને અને નિજદાસને પ્રેમ ભક્તિનાં મધુર રસનું જે પાન કરાવે છે, અંતરમાં ભાવનો ઉદય કરીને નવીન રસ અને ધવલરૂપ જે આપે છે. એવા હે શ્રીનાથા વંશ હંશ ગોપાલ શ્રી વિઠ્ઠલવર હરનાથ! અંતર વિના નિરંતર મારા નયનનાં પથમાં અને ચિત્તના પટમાં હમેશાં વસ્યા કરજો!

યોગી મુનિઓને જે ભક્તિ દુર્લભ છે, અગમ્ય છે એવી દુર્લભ ભક્તિનું વંશ વારસને જેઓ દાન દે છે એવા હે સાધન દુર્લભ! શ્રી નાથાવંશ હંશ ગોપાલ શ્રી વિઠ્ઠલવર હરનાથ! અંતર વિના નિરંતર મારા ચિત્તના પટમાં અને નયનનાં પથમાં હમેશાં વસ્યા કરજો!

[૩]

ત્રિતાપ પીડિત દિન હિનનાં,
ઉદ્ધારક તારક હારક હરિ છો:
નાસ્તિક અભક્ત જનનાં,
અસ્તિત્વ દાતા દાનેશ્વરી છો. ૧

વિષય વિકારો મદ મોહને,
દોષ નિંદાઓ વરીજ લે છે;
કમલ લોચન દ્રષ્ટિથી કર્મ ચાંડાલને
પ્રેમનાં દાન દે છે. ૨

કંગાલનાં કરૂણામય પ્રભો!
કલી કાલે પ્રગટ પ્રેમ અવતારી છે;
એવા શ્રીનાથા વંશહંશગોપાલ શ્રીવિઠ્ઠલવર હરનાથજી,
મુજ ચિત પટે નયન પથે, ચિર વસજો! ૩

ભાવાર્થ:—

ત્રીવિધ તાપ દુઃખથી પીડાતા દિનહિન જીવોના ઉદ્ધાર કરનારા, ભવસાગરથી તારનારા અને દુઃખોને હરનારા સાક્ષાત જે ભગવાન છે; તથા નાસ્તિક અને અભક્તને આસ્તિક બનાવી ભક્તિનું દાન દેવાવાળા જે દાનેશ્વરી છે. એવા હે નાસ્તિકેશ! શ્રીનાથા વંશ હંશ ગોપાલ શ્રીવિઠ્ઠલવર હરનાથ! અંતર વિના નિરંતર મારા ચિત્તનાં પટમાં અને નયનનાં પંથમાં હમેશા વસ્યા કરજો!

વિષયો-વિકારો તથા મદમોહને મટાડે છે અને દોષ નિંદાઓને પોતાના માથે વહોરી લે છે તથા કમલ લોચનનાં કરૂણ કટાક્ષથી કર્મચાંડાલ જીવને પણ પ્રેમનાં

દાન દીએ છે; એવા હે કરૂણામય! શ્રી નાથા વંશ હંશ ગોપાલ શ્રી વિઠ્ઠલવર હરનાથ! અંતર વિના નિરંતર મારા ચિત્તનાં પટમાં અને નયનનાં પંથમાં હમેશાં વસ્યા કરજો.

હે કંગાલનાં કરૂણામય પ્રભો! તમો કલિકાલે પ્રેમનાં પ્રગટ અવતાર છો, એવા હે શ્રી નાથા વશ હંશ ગોપાલ શ્રી વિઠ્ઠલવર હરનાથ! અંતર વિના નિરંતર મારા ચિત્તના પટમાં અને નયનનાં પંથમાં હમેશાં વસ્યા કરજો!!

[૪]

ભકિત ભાવમય વિશ્વ ઉદાર,
મધુમય મદન મોહન મૂર્તિ;
સમ ઉજ્વલ સુવર્ણ રંગી શ્રીવાસ સમ.
પ્રેમ સ્મરણીય સ્ફુર્તિ; ૧

મોર મુગટ બંશી ત્યાગી,
શણગાર હાર રહિત તનુ કાંતિજ છે;
ત્રિભુવન જન મનમોહન સાક્ષાત,
નામ માહાત્મ્ય સ્મૃતિ છે; ૨

ચિર સુંદર રસિક ચંદ્ર આ
સર્વાંગ ભકિત સુધા ધારી છે;
એવા શ્રી નાથા વંશ હંશ ગોપાલ.

શ્રી વિઠ્ઠલવર હરનાથજી;
મુજ ચિત્ત પટે નયન પંથે, ચિર વસજો!! ૩

ભાવાર્થ :—

જે ભક્તિ ભાવ મય છે-વિશ્વ જેવા વિશાળ છે ઉર જેનું ઉદાર છે મધુમય છે અને મદનમોહનની મૂર્તિ છે સુવર્ણ જેવી કાન્તિ છે લક્ષ્મિનાં આવાસરૂપ છે અને પ્રેમની સંસ્મૃતિને સ્ફુરાવે છે એવા હે શ્રી નાથા વંશ હંસ ગોપાલ શ્રી વિઠ્ઠલવર હરનાથ! અંતર વિના નિરંતર મારા ચિતનાં પટમાં અને નયનનાં પંથમાં હમેશાં વસ્યા કરજો.

મોર મુગટ અને બંસીને ધારણ કરેલી નથી તેમ હાર શણગારને પણ સજેલા નથી દેહકાન્તિ તેજસ્વિતા વિનાની હોવા છતાં જે ત્રણ ભુવનનાં લોકોનાં મનને મોહ પમાડે છે એ કેવું આશ્ચર્ય છે! નામ મહાત્મ્યની સાક્ષાત સ્મૃતિ મૂર્તિ છે! એવા હે શ્રીનાથા વંશ હંસ ગોપાલ શ્રી વિઠ્ઠલવર હરનાથ! અંતર વિના નિરંતર મારા ચિતના પટમાં અને નયનનાં પંથમાં હમેશાં વસ્યા કરજો!

જે ચિરસુંદર છે રસીકચંદ્ર છે અને સર્વાંગે ભક્તિ અમૃત ભરેલું છે; એવા હે શ્રી નાથાવંશ હંસ ગોપાલ શ્રી વિઠ્ઠલવર હરનાથ! અંતર વિના નિરંતર મારા ચિતનાં પટમાં અને નયનનાં પંથમાં હમેશાં વસ્યા કરજો!

[૫]

ચમત્કૃતિમય નામ રૂપ,
ભાવ પ્રભાવ ચિર વરદાઈ છે;
શરણાગત ઘ્રણિત હિનદાસનાં,
ભાવ મય ભાર વાહી છે! ૧

સર્વ સદ્‌ગુણ સંપતિ ભંડારના,
સ્વામી પ્રગટ દાતારી છે;
એવા શ્રીનાથા વંશહંશ ગોપાલ
શ્રી વિઠ્ઠલવર હરનાથજી!
મુજ ચિત્ત પટે નયન પંથે, ચિર વસજો! ૨

ભાવાર્થ:—

જેનાં નામ અને રૂપ ચમત્કૃતિ વાળા છે જેના ભાવ ઘણાં પ્રભાવ વાળા છે અને ચિર વરદાન દેવા વાળા છે. ઘ્રણિત દિનહિન એવા શરણાગત દાસનો ભાર ઉપાડનારા ભાવમય ભગવાન છે: એવા હે શ્રી નાથા વંશ હંશ ગોપાલ શ્રી વિઠ્ઠલવર હરનાથ! અંતર વિના નિરંતર મારા ચિતના પટમાં અને નયનના પંથમાં હમેશાં વસ્યા કરજો!

જે સઘળી સદ્‌ગુણ સંપતિના સ્વામિ છે અને સદ્‌-ગુણ સંપતિનું દાન દેવા વાળા પ્રગટ દાતાર છે એવા હે

શ્રી નાથાવંશ હંશ ગોપાલ શ્રી વિઠ્ઠલવર હરનાથ! અંતર વિના નિરંતર મારા ચિંતના પટમાં અને નયનનાં પંથમાં હમેશાં વસ્યા કરજે !

[૬]

જલ થલમાં અને પ્રત્યેક નારિ જાતિમાં,
માતૃ પ્રેમનું દર્શન કરે છે:
શુષ્ક જડવત વજ્ર પાષાણમાં.
રસ ચેતન જે ભરે છે ! ૧

જીવન વલ્લભ સાધન દૂર્લભ.
ઘટઘટ રસ રૂપ વિહારી છે:
એવા શ્રી નાથા વંશ હંશ ગોપાલ.
શ્રી વિઠ્ઠલવર હરનાથજી:
મુજ ચિત્ત પટે નયન પંથે ચિર વસજો. ૨

ભાવાર્થ:—

જલમાં થલમાં અને દરેક સ્ત્રી જાતિમાં જે માતાનો પ્રેમજ દેખે છે અને સુકાં જડ જેવા કે કઠણુ લોઢા જેવા હૃદયમાં જે રસ અને ચેતનનો સંચાર કરે છે. એવા હે શ્રી નાથાવંશ હંશ ગોપાલ શ્રી વિઠ્ઠલવર હરનાથ! અંતર વિના નિરંતર મારા ચિંતના પટમાં અને નયનનાં પંથમાં હમેશાં વસ્યા કરજો !

જે જગજીવના જીવન વલ્લભ છે અને સાધનોથી પ્રાપ્ત કરી શકાય નહિ એવા સાધન દુર્લભ છે. જે ઘટ ઘટમાં રસ રૂપે વિહાર કરે છે; એવા હે શ્રી નાથા વંશહંશ ગોપાલ શ્રી વિઠ્ઠલવર હરનાથ! અંતર વિના નિરંતર મારા ચિત્તનાં પટમાં અને નયનનાં પંથમાં હમેશાં વસ્યા કરજો!

[૯]

શ્રી ચૈતન્ય ચંદ્ર સાક્ષાત છે,
'શ્રી હરનાથ કુસુમ કુંજ' વિલાસી;
શ્રી અટલ નિતાઈ પ્રગટ છે,
ગૌરાંગ પ્રેમ બંધુ વ્રજવાસી. ૧

શ્રી કૃષ્ણ કુંજ ગોપાલ ભાવે,
પ્રગટયા છો શ્રી નાથાવંશ ભક્તિ બલથી;
વણ માગ્યે અણ જાણ્યે,ભક્તિ પાન કરાવ્યાં
અભાજનને પ્રેમથી. ૨

માયા મોહ વિદારક ભવ રોગ હારક,
અધ્યાત્મ ધન્વન્તરી છે;
એવા શ્રીનાથા વંશહંશ ગોપાલ શ્રીવિઠ્ઠલવર હરનાથજી,
મુજ ચિત પટે નયન પથે. ચિર વસજો! ૩

ભાવાર્થ :—

જે સાક્ષાત ચૈતન્ય ચંદ્ર છે અને વૃન્દાવનમાં શ્રી હરનાથ કુસુમ કુંજમાં વિલાસ કરે છે. હરનાથ તે ગૌરાંગ છે અને અટલ તે તેમનાં પ્રેમબંધુ, પ્રગટ નિતાઈ છે અને જે વ્રજમાં વસે છે! એવા હે શ્રી નાથાવંશ હંશ ગોપાલ શ્રી વિઠ્ઠલવર હરનાથ! અંતર વિના નિરંતર મારા ચિત્તના પટમાં અને નયનનાં પંથમાં હમેશાં વસ્યા કરજો!

શ્રી કૃષ્ણ કુંજમાં ગોપાલ ભાવથી શ્રી નાથાવંશની ભક્તિનાં બલથી પ્રગટયા છે અને માગ્યા વિના અજાણ પણ અભાજનને પણ ભક્તિનું પાન પ્રેમથી કરાવે છે; એવા હે શ્રી નાથાવંશ હંશ ગોપાલ શ્રી વિઠ્ઠલવર હરનાથ! અંતર વિના નિરંતર મારા ચિત્તના પટમાં અને નયનનાં પંથમાં હમેશાં વસ્યા કરજો!

માયા મોહને વિદારનારા અને જન્મ મૃત્યુના રોગને મટાડવાલા જે અધ્યાત્મિક ધન્વન્તરી વૈદ્ય છે; એવા હે શ્રી નાથાવંશ હંશ ગોપાલ! શ્રી વિઠ્ઠલવર હરનાથ! અંતર વિના નિરંતર મારા ચિત્તના પટમાં અને નયનનાં પંથમાં હમેશાં વસ્યા કરજો!

[૮]

ઘણિત નિંદિત મહા દોષિત,
મહા અધમ જનને નિજના કરે છે:
ભાવ ભક્તિ શક્તિ અર્પીને,
સ્વભાવે ખોળે ધરે છે! ૧
જીવન વિશુદ્ધ કરી ચૈતન્ય અર્પી,
શાશ્વત સ્વરૂપે ઉરે વસે છે;
એવા શ્રીનાથાવંશ હંશ ગોપાલ શ્રીવિઠ્ઠલવરહરનાથજી,
મુજ ચિત્તપટે નયન પથે, ચિર વસજો! ૪

ભાવાર્થ :—

ઘણિત નિંદિત—મહાદોષિત, મહા અધમ જનને જે નિજના કરે છે. ભાવભક્તિ અને શક્તિ આપીને જે સ્વભાવથી ખોળે ધરે છે: એવા હે શ્રી નાથાવંશ હંશ ગોપાલ શ્રી વિઠ્ઠલવર હરનાથ! અંતર વિના નિરંતર મારા ચિત્તના પટમાં અને નયનનાં પંથમાં હમેશાં વસ્યા કરજો!

જીવન પવિત્ર કરીને ચૈતન્ય આપે છે અને પછી શાશ્વત સ્વરૂપે જે ઉરમાં વસે છે; એવા હે શ્રી નાથાવંશ હંશ ગોપાલ શ્રીવિઠ્ઠલવર હરનાથ! અંતર વિના નિરંતર મારા ચિત્તના પટમાં અને નયનનાં પંથમાં હમેશાં વસ્યા કરજો!

ઈતિ શ્રી કલિપાવન પ્રેમ શ્લોક
શ્રી હરનાથાષ્ટક પહેલું સમાપ્ત

શ્રી હરનાથાષ્ટક ૧ લું

પાઠ કરવાનું ફળ.

પરમ મંગલાલય આશ્રી હરનાથાષ્ટકનો,જેકોપાઠકરશે,
મધુર નામ સ્મરણ સાથે, સુખદ કલ્પવૃક્ષ ફળશે.
શ્રી ચરણ કમલ યુગલે પાઠ કરતાં, પરમાનંદ થાશે,
પ્રબલ પ્રેમની શાન્ત લહેરી, સતત ઉરમાંહીજ વહેશે.

ભાવાર્થ:—પરમ મંગલના ભંડાર રૂપ આ શ્રી હરનાથ અષ્ટક છે તેનો જે પાઠ કરશે તેને મધુર નામ સ્મરણનું ફળ મળશે અને સર્વ સુખ દેવાવાળું કલ્પવૃક્ષ ફળશે.

શ્રી હરનાથનાં યુગલ ચરણ કમલ પાસે બેસી પાઠ કરવાથી પરમ આનંદ થાશે અને પ્રબલ પ્રેમની શાન્ત લહેરી અંતરમાં સતત વહ્યાં કરશે.

કલિપાવન-પ્રેમશ્લોક

શ્રી હરનાથાષ્ટક

અથ

અષ્ટક રજુ.

[૧]

સર્વ ધર્મ શાસ્ત્રોમાં જે સ્વરૂપ તત્ત્વનું.
વર્ણન કથન કરેલ છે;
તેજ દુર્લભ તત્ત્વનું પ્રગટ સ્વરૂપ,
સુલભ રૂપ જેણે ધરેલ છે. ૧

અજ્ઞ પ્રજ્ઞ ઉચ્ચ નિચ્ચ જીવ માત્રનાં,
સુખદ સાધન જે સમાન છે;
શ્રી કલિ પાવનાવતારી ઘટઘટ વ્યાપી,
પ્રગટ પ્રેમ નિધાન છે. ૨

જીવે ને કાર્યે ઘણા નહિ,
કંગાલનાં કલ્પતરૂ સાક્ષાત છે;
દિનતામય પતિત બંધુ,
શ્રી ભગવતિ નંદન કુસુમનાથ શ્રી કાન્ત છે. ૩

કલિકાલે અકારણ કરૂણા કરી,
આત્મ પ્રેમનાં દે છે;
તે શ્રી અટલનાથ હરનાથ,
શ્રી ચૈતન્યને, પ્રણમું નમું હું ફરી ફરી! ૮

ભાવાર્થ:—

સઘલાં ધર્મ શાસ્ત્રોમા ઈશ્વિરનાં સ્વરૂપનું અને તત્ત્વોનું જે વર્ણન તથા કથાઓ લખેલી છે તે દુર્લભ તત્ત્વનું પ્રગટ સ્વરૂપ અને સુલભ રૂપ જેણે થયેલું છે; એવા હે અટલનાથ હરનાથ શ્રી ચૈતન્યચંદ્ર! હું તમોને ફરી ફરી પ્રણામ કરૂં છું અને વારંવાર વંદન કરૂં છું!

અજ્ઞાની જ્ઞાની અને ઉચ્ચ કે નિચ જીવ માત્રનાં જે સુખ પુર્ણ સમાન સાધન છે તથા જે શ્રી કલિ પાવન અવતારી છે અને ઘટઘટમાં વસનારા છે પ્રેમનાં પ્રગટભંડાર છે. એવા હે અટલનાથ હરનાથ શ્રી ચૈતનચંદ્ર! હું તમોને ફરીફરી પ્રણામ કરૂં છું અને વારંવાર વંદન કરૂં છું!!

જીવો ઉપર અને જીવોનાં કાર્યો ઉપર જેને અણગમો નથી; પણ જે કંગાલનાં સાક્ષાત કલ્પતરૂ છે. જે દિનતાથી પરિપુર્ણ છે પતિતનાં બંધુ છે. શ્રી ભગવતિ માતાનાં બાળક છે, અને શ્રી કુસુમ કુમારી કામિની દેવીનાં શ્રી કાન્ત શ્રી નાથ છે; એવા હે અટલનાથ હરનાથ

શ્રી ચૈતન્ય ચંદ્ર મહા પ્રભુ ! હું તમોને ફરીફરી પ્રણામ કરું છું અને વારંવાર વંદન કરું છું !

કારણ વિના પણ કરુણા કરીને આવા કલિકાલમાં પણ જે આત્મ (પ્રેમ) નાં જ્ઞાન દે છે; એવા હે અટલનાથ હરનાથ શ્રી ચૈતન્ય ચંદ્ર ! હું તમોને ફરીફરી પ્રણામ કરું છું અને વારંવાર વંદન કરું છું !!

[૨]

રાજ્યમાન શ્રીમાન આદિ પદ્વિધરોનાં,
જે સુખદ ધન્વન્તરી છે;
મદ-મોહ-ગર્વમાં ગર્ક થયેલ જનનાં,
કરુણામય કેસરી છે! ૧
સર્વ ધર્મનું તત્ત્વ રહસ્ય,
શ્રી પાગલ હરનાથ પત્રાવલીમાં ભર્યું છે,
પુરણ પ્રેમમય જ્યોતિ સ્વરૂપ
કલિ કાલે પ્રગટ થયું છે. ૨
જ્ઞાન કર્મ રહિત ભક્તિનું,
પરમ નામ સાધન દે છે વિચરી;
તે શ્રી અટલનાથ હરનાથ,
શ્રી ચૈતન્યને પ્રણમું નમું હું ફરી ફરી. ૩

ભાવાર્થ:—

રાજ્યમાન અને શ્રીમાન વગેરે પદ્વિ ધરાવનારાઓનાં જે સુખદ ધન્વન્તરી છે તથા મદ મોહ અને ગર્વમાં

ગરકાવ થઈ ગયેલાં લોકોનાં જે કરૂણામય કેસરીસિંહ છે; એવા હે અટલનાથ હરનાથ શ્રીચૈતન્ય ચંદ્ર! હું તમોને ફરી ફરી પ્રણામ કરૂં છું અને વારંવાર વંદન કરૂં છું !! જેણે શ્રી પાગલ હરનાથ પત્રાવલીમાં સર્વ ધર્મોનાં તત્ત્વોનું રહસ્ય વર્ણવેલું છે અને પુર્ણ પ્રેમનું જ્યોતિ સ્વરૂપ જેણે કલિકાલમાં પ્રગટ ધરેલું છે, એવા હે અટલનાથ હરનાથ શ્રીચૈતન્ય ચંદ્ર! હું તમોને ફરી ફરી પ્રણામ કરૂં છું અને વારંવાર વંદન કરૂં છું.

જ્ઞાનની ગુંચવણ વિનાની અને કર્મોની કઠીનતા વિનાની ભક્તિનું પરમ નામ સાધન જે સહુને વિચરી વિચરીને આપ્યા કરે છે; એવા હે અટલનાથ હરનાથ શ્રીચૈતન્ય ચંદ્ર! હું તમોને ફરી ફરી પ્રણામ કરૂં છું અને વારંવાર વંદન કરૂં છું !!

[૩]

કલિ કાલે સ્વભાવ છુપાવી,
જે કુતૂહલ પરવશ થઈ રહે છે;
વ્રજસુંદરીનાં ભાવથી મધૂર રસ સ્વરૂપે,
પ્રેમીમાં સ્ફુરે છે. ૧
વ્રજ સુંદરીનાં મધૂમય રસ ભાવનાં,
ભક્ત દ્વારા ઉપભોગ કરે છે;
અનુપમ રસ રૂપ કાન્તિ અર્પી,
સ્વભાવે જે ચોર ઠરે છે. ૨

ભક્ત વિનોદે નિજ મધૂર ભાવે,
પ્રેમીમાં ગુપ્ત રહે છે દિન સર્વરી;
તે શ્રી અટલનાથ હરનાથ,
શ્રી ચૈતન્યને, પ્રણમું નમું હું ફરી ફરી! ૩

ભાવાર્થ :—

જે પોતાનો સ્વભાવ છૂપાવીને કુતુહલતાથી પરવશ થઇને કલિકાલમાં ગૂપ્ત રહે છે તથા વ્રજસુંદરીનાં ભાવથી મધુર રસ સ્વરૂપે જે પ્રેમીઓમાં સ્ફુર્યા કરે છે, એવા હે અટલનાથ હરનાથ શ્રીચૈતન્ય ચંદ્ર! હુ તમોને વારંવાર વંદન કરૂં છું અને ફરી ફરી પ્રણામ કરૂં છું!

વ્રજ સુંદરીનાં મધુમય રસ ભાવનો જે ભકત દ્વારા ઉપભોગ કરે છે તથા અનુપમ રસ રૂપ અને કાન્તિ આપે છે તથા પાછી ચોરીલે છે એવા સ્વભાવથી જેચોર કહેવાય છે; એવા હે અટલનાથ હરનાથ શ્રીચૈતન્યચંદ્ર! હું તમોને વારંવાર વંદન કરૂં છું અને ફરીફરી પ્રણામ કરૂં છું!

ભકતના વિનોદ માટે જે પોતાનાં મધૂર ભાવથી દિવસ રાત પ્રેમીમાં ગૂપ્ત રહે છે; એવા હે અટલનાથ હરનાથ શ્રી ચૈતન્ય ચંદ્ર! હું તમોને વારંવાર વંદન કરૂં છું અને ફરી ફરી પ્રણામ કરૂં છું!!

[૪]

અ ગ મ   અ ગો ચ ર   ઈ શ તે,
જગજન લોચન ગોચર આજે થયાં છે;
દે વો નાં   પ ર મ   આ રા ધ્ય   તે,
શ્રી સોના મૂખીમાં પ્રગટ બિરાજી રહ્યા છે. ૧

શ્રી   ભ ગ વ તિ   દે વી   મા તા,
શ્રી જયરામ પીતા મદના અરિ છે;
રા સે શ્વ રી   મ હા રા ણી   કુસૂમ સુંદરી,
સ હ ધ ર્મિ ણી   ન ટ   ના ગ રી   છે. ૨

શ્રી   રા ય મે ન કુ   ત ન યા   દ્વ ય,
શ્રી અનૂકુલ કૃષ્ણ ગોપાલ હ રિ છે;
તે   શ્રી   અ ટ લ ના થ   હ ર ના થ,
શ્રી ચૈતન્યને, પ્રણમું નમું હું ફરી ફરી! ૩

ભાવાર્થ:—

કોઇથી જોઈ કે જાણી શકાય નહિ એવા ઇશ્વર આજે લોકોની નજર સામે માનવદેહ ધારણ કરીને આવ્યા છે અને દેવોનાં પરમ આરાધ્ય એવા ભગવાન આજે શ્રી સોનામુખીમાં પ્રગટ બિરાજી રહેલાં છે; એવા હે અટલનાથ હરનાથ શ્રી ચૈતન્ય ચંદ્ર! હું તમોને વારંવાર વંદન કરૂં છું અને ફરી ફરી પ્રણામ કરૂં છું!!

શ્રી ભગવતિ સ્વરૂપિણી શ્રી ભગવતી દેવી માતાનું નામ છે અને શીવ તુલ્ય શ્રી જયરામ બન્ધોપાધ્યાય પીતાનું નામ છે. શ્રી નટનાગરી મહારાણી રાસેશ્વરી શ્રી કુસુમકુમારી કામિનિદેવી તેમનાં સહધર્મિણી છે. એવા હે અટલનાથ હરનાથ શ્રી ચૈતન્ય ચંદ્ર! હું તમોને વાર વાર વંદન કરૂં છું અને ફરી ફરી પ્રણામ કરૂં છું!!

શ્રી રાઈ અને મેનકૂ બે પુત્રી પૌત્રી છે, શ્રી અનુકુલ અને કૃષ્ણ બે પુત્ર છે; એવા હે અટલનાથ હરનાથ શ્રી ચૈતન્ય ચંદ્ર! હું તમોને વારંવાર વંદન કરૂં છું અને ફરી ફરી પ્રણામ કરૂં છું!

[૫]

કલિવશ માનવ જાતિનાં,
સાક્ષાત ઉદ્ધારક ઈશ્વરાઃ;
વિશ્વ સમસ્ત વૃંદાવન કરે છે,
મહિમા મય કરે છે ધરા. ૧

શ્રી ભગવતિ વંશ ભૂવન વંદિત કરી,
ભૂવન પાવન કર્યું છે;
ગૃહસ્થ વેશે માતૃ ભક્તિનું,
મધૂર મીલન જેણે કર્યું છે. ૨

ગૃહસ્થ ભાવે દિનતા ધરી,
માતૃ પ્રેમ સર્વત્ર દે છે વિસ્તરી;

તે શ્રી અટલનાથ હરનાથ,
શ્રી ચૈતન્યને, પ્રણમું નમું હું ફરી ફરી! ૩

ભાવાર્થ :—

કલિયૂગને વશ પડેલી માનવ જાતિનો ઉદ્ધાર કરનારા જે સાક્ષાત ઈશ્વર છે; વલી જેઓ વિશ્વ સમસ્તને વૃન્દ-વન બનાવે છે અને ધરાને મહિમામય કરે છે; એવા હે અટલનાથ હરનાથ શ્રી ચૈતન્ય ચંદ્ર હું તમોને વારંવાર વંદન કરૂં છું અને ફરી ફરી પ્રણામ કરૂં છું!

શ્રી ભગવતી વંશમાં અવતાર ધારણ કરીને તમે તે વંશને વિશ્વ વંદ્ય કીધું છે અને ભૂવનને પાવન કર્યું છે, માતૃ ભકિતનું મધુર મીલન ગૃહસ્થાશ્રમી થઈ ગૃહસ્થ વેશ ધરીને તમે કર્યું છે; એવા હે અટલનાથ હરનાથ શ્રી ચેતન્ય ચંદ્ર! હું તમોને ફરી ફરી પ્રણામ કરૂં છું અને વારંવાર વંદન કરૂં છું!!

ગૃહસ્થ ભાવથી દિનતાને ધારણ કરી જે માતાનો પ્રેમ સઘળે ફેલાવે છે; એવા હે અટલનાથ હરનાથ શ્રી ચૈતન્ય ચંદ્ર! હું તમોને ફરી ફરી પ્રણામ કરૂં છું અને વારંવાર વંદન કરૂં છું!

[૬]

પ્રેમ તત્ત્વનો પરિચય દેવા,
પ્રેમ ભાવોલ્લાસિત તનૂં ધર્યું છે;

મધૂરનામા અમ્રત રસ પા ન થી,
અં ત ર લો ચ ન ભ ર્યું છે. ૧

લોચન ઘન નિરરવે પ્રેમ જળ,
પ્ર તિ લો ચ ન થી સતત શ્ર વે છે;
તે શ્રી અ ટ લ ના થ હ ર ના થ,
શ્રીચૈતન્યને પ્રણુમું નમું હું ફરી ફરી! ૨

ભાવાર્થ:—

પ્રેમનાં મધુર તત્ત્વનો પરિચય અનુભવ કરાવવા માટે પ્રેમ ભાવનાં હુલ્લાસવાળું શરીર જેણે ધારણ કરેલું છે અને મધુર નામનાં અમૃતનું રસપાન કરીને જેણે અંતર અને લોચન રસથી ભરેલાં છે: એવા હે અટલનાથ હરનાથ શ્રી ચૈતન્ય ચંદ્ર! હું તમોને ફરી ફરી પ્રણામ કરું છું અને વારંવાર વંદન કરું છું!!

જેનાં લોચન રૂપી આકાશમાંથી પ્રેમ વરસાદ રૂપી રસ જળ અવાજ વિના બીજાનાં લોચન દ્વારા અખંડ વરસ્યા કરે છે; એવા હે અટલનાથ હરનાથ શ્રી ચૈતન્યચંદ્ર! હું તમોને ફરી ફરી પ્રણામ કરું છું અને વારંવાર વંદન કરું છું!!

[૭]

જગજન લોચન મન શોધક,
હૃદય સુંદર મૂર્તિ ધરીને;
ધ્યાને કરૂણ ભાવ ધારી,
તિર્થ પર્યટન જે કરે છે. ૧

સર્વ તિર્થોનાં સાક્ષાત તિર્થેશ્વર,
પ્રેમ પરિચય દેતાં વિચરે છે;
કલિ પાવન નામ રૂપ પ્રદાન કરીને,
નામ માહાત્મ્ય પ્રગટ કરે છે. ૨

પ્રસાદ માલા આદિ ભગવાનનું,
સર્વ નિર્માલ્ય સ્વિકૃત કરે છે;
દિન ભાવ ધરવા નિજ પ્રિય વર્ગને,
સૂચન સ્નેહે કરે છે. ૩

કરૂણા મય સહજ મધૂર પ્રેમ દાતા,
કલિ પાવનાવતારી હરિ છે;
તે શ્રી અટલનાથ હરનાથ,
શ્રી ચૈતન્યને,પ્રણમું નમું હું ફરી ફરી ! ૪

ભાવાર્થ:—

જગતના લોકોનાં મનને અને લોચનને શુદ્ધ કરવા માટે જેણે હૃદય સુંદર મુર્તિ ધારણ કરેલી છે; અને દયા

તથા કરૂણા ભાવને ધારણ કરીને જે તિર્થ-યાત્રા કર્યા કરે છે, એવા હે અટલનાથ હરનાથ શ્રી ચૈતનચંદ્ર! હું તમોને ફરીફરી પ્રણામ કરૂ છુ અને વારંવાર વંદન કરૂં છું!!

સઘળાં તિર્થોમાં બિરાજતાં સ્વરૂપોની જે સર્વ તિર્થેશ્વર મુર્તિ તે પોતે હોવા છતાં પ્રેમનો પરિચય દેવા તિર્થોમાં વિચર્યા કરે છે, અને કલિ પાવન નામ રૂપ અને પ્રેમનું દાન કરીને પોતાના નામનું મહાત્મ્ય પ્રગટ કરે છે, એવા હે અટલનાથ હરનાથ શ્રી ચૈતન્યચંદ્ર! હું તમોને ફરી ફરી પ્રણામ કરૂં છું અને વારંવાર વંદન કરૂં છું!

તિર્થ સ્થળોએ વિચરતા, ભગવાન નિર્માલ્ય એવાં પ્રસાદ અને માલા આદિ સઘલું પોતે સ્વિકારી લે છે અને એવા દિન ભાવનું દર્શન કરાવી પોતાનાં પ્રિય વર્ગને દિન બનવાની સુચના કરે છે; એવા હે અટલનાથ હરનાથ શ્રી ચૈતન્યચંદ્ર! હું તમોને વારંવાર વંદન કરૂં છું અને ફરી ફરી પ્રણામ કરૂં છું!

જે કરૂણામય છે—સ્હજે સુંદર લાગે એવા છે—મધૂર છે. જેપ્રેમનાં દાતાછે અને કલિયૂગને—પાવનકરવા અવતાર ધરનારા સાક્ષાત શ્રીહરિ છે; એવા હે અટલનાથ હરનાથ શ્રી ચૈતન્યચંદ્ર! હુંતમોને ફરી ફરી પ્રણામ કરૂં છું અને વારંવાર વંદન કરૂં છું!!

[૮]

મંદમંદ હાસ્ય યૂક્ત કૃપા કટાક્ષથી,
શોક સંતાપ સમૂલ હરે છે;
મધૂમય અમ્રત વાણી થી,
કલ્યાણ રાશીનો વિસ્તાર કરે છે. ૧
શ્રી પાદ પદ્મનાં આશ્રય થકી;
મહા કુપાત્ર પ્રેમ પાત્ર બને છે;
ઉચ્ચ નિચ અજ્ઞ પ્રજ્ઞ સહુ કો,
પ્રેમનાં અધિકારી અહા બને છે. ૨
પ્રેમ દાતારી અભેદ ધારી,
ચિર પ્રેમ દે છે દયા ધરી;
તે શ્રી અટલનાથ હરનાથ,
શ્રી ચૈતન્યને પ્રણમું નમું હું ફરી ફરી. ૩

ભાવાર્થ :—

મંદ મંદ હાસ્ય ભરેલી કૃપા કટાક્ષથી જે શોક સંતાપને તદન હરી લે છે અને મધૂમય અમૃત વાણીનાં ઉપદેશથી જે કલ્યાણનો વિસ્તાર કરે છે; એવા હે અટલનાથ હરનાથ શ્રી ચૈતન્ય ચંદ્ર ! હું તમોને વારંવાર વંદન કરૂં છું અને ફરી ફરી પ્રણામ કરૂં છું !!

જેનાં શ્રી યૂગલ ચરણ કમલનાં આશ્રયથી મહા કુપાત્ર હોય છે તે પણ પ્રેમને પાત્ર બને છે અને ઉંચ કે

નિચ-અજ્ઞાની કે જ્ઞાની સહુ કોઈ પ્રેમનાં અધિકારી જેમનાં ચરણ આશ્રયથી બને છે; એવા હે અટલનાથ હરનાથ શ્રી ચૈતન્ય ચંદ્ર! હું તમોને ફરી ફરી પ્રણામ કરૂં છું અને વારંવારે વંદન કરૂં છું!!

ભેદ-ભાવ રાખ્યા વિના સમાનપણે પ્રેમ દેવાવાલા જે દાતાર છે અને કાયમનો પ્રેમ જે દયાથી સહુને આપે છે; એવા હે અટલનાથ હરનાથ શ્રી ચૈતન્યચંદ્ર! હું તમોને વારંવાર વંદન કરૂં છું અને ફરીફરી પ્રણામ કરૂં છું!

ઈતિ શ્રી કલિપાવન પ્રેમ શ્લોક

શ્રી હરનાથાષ્ટક બીજું

સમાપ્ત.

શ્રી હરનાથાષ્ટક ર જું

પાઠ કરવાનું ફળ.

શ્રી અ ટ લ ના થ હ ર ના થ નાં,
આ પદાષ્ટકનો જે કો પાઠ કરશે;
તે નાં ત્રિ તા પ ભ ય શો ક સર્વે,
સ દ્ય દૂ રે જ પ ળ શે. ૧

શ્રી ભગવતિ નંદનનાં કીર્તિ કુસુમની,
અભિનવ સુ ગં ધ મ્હેંકી રહી છે;
જીવન વલ્લભ–સાધન દુર્લભ નાથની,
મ ધૂ મ ય મૂ ર્તિ પ્રગટી રહી છે! ૨

શ્રી હરિ કમલા નાયક શ્રી કુસુમ કાન્તનાં,
આ પદાષ્ટકનો જે કો પાઠ કરશે;
તેને શ્રી ચરણ કમલની, ચિર સૌભાગ્ય જનની,
પ્રી તિ સ હી ત પ્રદાન કરશે. ૩

વિઘ્ન રહીત અબાધ્ય સુખનો,
નિ ર્ભ ય તા થી ઉપભોગ કરશે;
શ્રી અ ટ લ નિ તા ઈ પાદ પદ્મે,
પ્રે મ ભં ડા ર અ ખુ ટ ભરશે! ૪

ભાવાર્થ:—

શ્રી અટલનાથ શ્રી હરનાથનાં આ પદાષ્ટકનો જે કોઇ પાઠ કરશે તેનાં ત્રિતાપ ભય અને સઘલાં શોક સંતાપ તુરતજ દુર થઇ જાશે !

શ્રી ભગવતિ નંદનની કીર્તિ રૂપ પુષ્પની નવીન સુગંધ જેમાં મ્હેંકી રહી છે અને જીવન વલ્લભ સાધન દુર્લભ હરનાથની મધુમય મુર્તિ જેમાં પ્રગટ બિરાજી રહી છે એવું આ પદાષ્ટક છે.

શ્રી હરિકમળા શ્રી કુસુમ દેવીનાં નાયક શ્રી હરનાથનાં આ પદાષ્ટકનો જે પાઠ કરશે તેને શ્રી ચરણ કમલની ચિર સૌભાગ્ય જનની પ્રીતિ સહિત પ્રદાન કરશે.

આ પદાષ્ટકનો જે પાઠ કરશે તે વિઘ્ન વિનાનાં અને બાધા વગરનાં સુખનો ભય રહિતપણે ઉપભોગ કરી શકશે તથા શ્રી અટલ નિતાઇનાં શ્રી યુગલ ચરણ કમલ પાસે પ્રેમનાં અખૂટ ભંડારને ભરશે !

કલિપાવન-પ્રેમશ્લોક

શ્રી હરનાથાષ્ટક

અથ

અષ્ટક ૩ જું.

[૧]

રૂદ્રાદિ દેવો આચાર્ય રૂપે,
જેનાં ચરણ કમલની સતત સેવા કરી રહ્યા છે;
શ્રી હરનાથ તેજ જગન્નાથ,
આ કલિકાલે પ્રગટ રહ્યાં છે. ૧

વાંચ્છા કલ્પતરૂ તમે ભક્તનાં,
મન વાંચ્છના પુરણ કરો છો;
હે ભગવતિ નંદન! હે કુસૂમપતિ! હું છું મંદમતિ,
મુજ પ્રતિ કરૂણાની દ્રષ્ટિ કરો ! ! ૨

ભાવાર્થ:—

શીવ વગેરે દેવો જેને આચાર્ય રૂપ ગણીને શ્રી ચરણ કમલની સતત સેવા કરે છે; તેજ શ્રી જગન્નાથ આ કલિ કાલમાં શ્રી હરનાથ નામે પ્રગટ થયા છે; હે ભગવતિ નંદન! હે કુસુમ પતિ! હું બુદ્ધિહીન દિન છું માટે મારા તરફ કરૂણાની નજર કરજો!

તમે ભક્તોનાં મનોરથો પુર્ણ કરવાવાલા 'વાંચ્છા કલ્પતરુ' છો અને મનનાં મનોરથો પુર્ણ કરો છો; હે ભગવતિ નંદન; હે કુસુમપતિ: હું બુદ્ધિહિન દિન છું માટે મારા તરફ કરુણાની નજર કરજો;

[૨]

હે ભગવતિ નંદન તવ ગુણ ગાતાં,
શેષ શારદ થાકી જાય છે;
એવાં તવ અવર્ણીય ગૂણ ગાવા,
ક્ષુદ્ર માનવ આજે સમર્થ કેમ થાય છે!? ૧

મહા બુદ્ધિ હિન—મહા અધમ હું,—
તવ ગૂણ કેમ વર્ણી શકું?
હે કૃપામય! તવ કૃપા બલથી,
પ્રણામ કરવા આ બકી જઉં! ૨

હે ભક્તિ રસામૃત સિંધુ! હે પતિત બન્ધૂ!
પ્રેમ ધનનાં અયાચિત દાન દો છો;
હે ભગવતિ નંદન! હે કુસૂમપતિ! હું છું મંદમતિ,
મૂજ પ્રતિ કરૂણાની દ્રષ્ટિ કરો! ૩

ભાવાર્થ:—

હે ભગવતિ નંદન! તમારા ગુણને ગાતાં ગાતાં શેષનાગ અને સરસ્વતિજી પણ થાકી જાય છે એવા

અથાગ ગુણવાલા તમે છો તે છતાં આશ્ચર્ય તો એજ છે કે અપાર ગુણવાલાનાં-કોઇથી વર્ણી શકાય નહિ એવા ગુણને વર્ણવવા-ગાવાને આજે (કલિકાલે) એક ક્ષુદ્ર માનવ કેમ સમર્થ થાય છે! હે ભગવતિ નંદન! હે કુસુમપતિ! હું બુદ્ધિહિન દિન છું માટે મારા તરફ કરૂણાની નજર કરજો!

હે હરનાથ! મહા મૂર્ખ અને મહા અધમ એવો હું તે તારા અપાર અવર્ણીય ગુણને શી રીતે વર્ણવી શકું?! હું તદન અસમર્થ છું પણ કેવળ તમારી કૃપાનાં બલથીજ માત્ર તમોને પ્રણામ કરવાનાં હેતુથી યદ્રા તદ્રા લવારો કરૂં છું! હે ભગવતિ નંદન! હે કુસુમપતિ! હું બુદ્ધિહિન દિન છું માટે મારા તરફ કરૂણાની નજર કરજો!

હે ભક્તિરસ-અમૃતનાં મહાસાગર! હે પતિતનાં બંધુ! તમે માગ્યા વિના પ્રેમધનનું દાન દીઓ છો; એવા હે ભગવતિ નંદન! હે કુસુમપતિ! હું બુદ્ધિહિન દિન છું માટે મારા તરફ કરૂણાની નજર કરજો!

[૩]

વેદ અને ઉપનિષદ્ આદિમાં,
જે ભક્તિ રત્નની સર્વ શ્રાહ્ય કથા છે નહિ;

દત્તાત્રય વ્યાસાદિ ગુરૂ અવતારે,
કે સ્વયં શ્રી કૃષ્ણે પ્રગટ કરેલી નથી. ૧

એવા દુર્મિલ ભક્તિ રત્નો દિશ દિશામાં,
થો ક મ થો ક ઉ ડા વો છો;
છતાં હે રસમય! હે પ્રેમ શ્લોક!
તમે ભાવમય ભિખારી દેખાઓ છો! ૨

અ ગ્રા હ્ય દુ ર્મિ લ ભ ક્તિ ર ત્નો,
સર્વ ગ્રાહ્ય રૂપે દિન ભાવે બક્ષિસ કરો છો,
હે ભગવતિ નંદન! હે કુસુમપતિ! હું છું મંદમતિ,
મુ જ પ્ર તિ કરૂણાની દ્રષ્ટિ કરો! ૩

ભાવાર્થ:—

જે ભક્તિનાં રહસ્યની સર્વગ્રાહ્ય વાત, ચારવેદ કે ઉપનિષદ્ વગેરે કોઇપણ ગ્રંથમાં લખેલી નથી અને સ્વયં-શ્રી કૃષ્ણે જે ભક્તિને પ્રગટ બતાવી નથી તથા દત્તાત્રય અને વ્યાસજી વગેરે ગુરૂ અવતારોએ પણ પ્રગટ કરી નથી અને કોઈ કાળે મળી શકે નહિ એવી—દુર્મિલ—ગૂઢ ભક્તિનાં તત્ત્વ રત્નો તમો દિશે દિશાઓમાં થોકમ થોક ઉડાવ્યા કરો છો છતાં હે રસમય! હે પ્રેમ શ્લોક! તમે ભાવ પુર્ણ ભિખારી જેવા દેખાઓ છો એ અદ્ભૂત

આશ્ચર્ય છે! હે ભગવતિ નંદન! હે કુસુમપતિ! હું બુદ્ધિ હિન દિન છું માટે મારા તરફ કરૂણાની નજર કરજો!

કોઇ કાળે કોઇ પણ સાધનથી મલી શકે નહિ એવા દુર્મિલ ભક્તિ રત્નો, અહા! આવા કલિકાલમાં સર્વ ગ્રહણ કરી શકે એટલા માટે દિનભાવ-રૂપને ધારણ કરીને સહુને બક્ષિસ આપો છો. હે ભગવતિ નંદન! હે કુસુમપતિ! હું બુદ્ધિહિન દિન છું માટે મારા તરફ કરૂણાની નજર કરજો!

[૪]

મધૂર મોહક ભાવમાદક મોહિનિ રૂપ,
ભક્ત કાજે ધરો છો;
તે સમયની સૂધા વદની મૂર્તિથી,
નિતાઇ સ્વરૂપ શ્રી અટલને મોહ મુગ્ધ કરો છો! ૧

આશ્રિત ભક્તજનો પરે અમ્રત ધારા,
અખંડ વરસાવ્યા કરો છો;
જાતિ, કુલ, જ્ઞાન ધનાદિનાં અભિમાની સમીપે,
સદા અગમ્ય રમ્ય બનો છો! ૨

આશ્રિત અનુગ્રહ પાત્રને,
મધૂમય સ્વરૂપે ચિર મધૂપાન કરાવો છો;
હે ભગવતિ નંદન! હે કુસૂમપતિ! હું છું મંદમતિ!
મુજ પ્રતિ કરૂણાની દ્રષ્ટિ કરો! ૩

ભાવાર્થ:—

ભાવની અવનવી ભવ્યતાથી માદકતાથી ભરેલુ-મધૂરતાથી પૂર્ણ એવુ મોહિનિ રૂપ તમે ભક્તને પરિચય આપવા માટે ધારણ કરો છો તે સમયનાં રૂપની સુધાવદની છબીથી અહા! સમર્થ યોગીશ્વર નિતાઈ સ્વરૂપ એવા શ્રી અટલને પણ મોહથી મુગ્ધ કરો છો! હે ભગવતિ નંદન! હે કુસુમપતિ! હું બુદ્ધિહિન દિન છું માટે મારા તરફ કરૂણાની નજર કરો!

આશ્રિત ભક્તજનો ઉપર અમૃતની અખંડ ધારા વરસાવ્યા કરો છો અને જાતિ-કુલ તથા જ્ઞાન ધનનો જેઓ મદ રાખે છે તેઓની સામે ગૂપ્તપણે રમ્ય બનીને મદ હરણ કરો છો! હે ભગવતિ નંદન! હે કુસુમપતિ! હું બુદ્ધિ હિનદિન છું માટે મારા તરફ કરૂણાની દ્રષ્ટિ નજર કરજો!

આશ્રિત અને અનુગ્રહને પાત્ર થયેલા જીવોને મધુમય સ્વરૂપને ધારણ કરી ભક્તિનાં મધુર અમૃતનું હમેશાં પાન કરાવ્યા કરો છો! હે ભગવતિ નંદન! હે કુસુમ પતિ! હું બુદ્ધિહિન દિન છું માટે મારા તરફ કરૂણાની નજર કરો!

[૫]

નિચ કૂલે અવતરી કલિમાં,
સહુ પાપ કર્મો કરે છે;
તેઓનો અપાર કૃપા બલથી,
સપ્રેમ ઉદ્ધાર કરે છે. ૨

અધમ ઉદ્ધારી–પ્રેમ દાતારી બિરૂદ જોઇ,
સાનંદે તવ શરણુ મેં ગ્રહ્યું છે;
હે ભગવતિ નંદન ! હે કુસુમપતિ !
હું છું મંદમતિ મૂજપ્રતિ કરૂણાની દ્રષ્ટિ કરો ! ૨

ભાવાર્થ:—

આવા ઘોર કલિ કાલમાં નિચકુલને છાજતા પાપ કર્મો સહુ કોઈ કરે છે, તેઓનો અપાર કૃપાના બલથી પ્રેમ સહિત અહા ! તમો ઉદ્ધાર કરો છો ! હે ભગવતિ નંદન ! હે કુસુમ પતિ ! હું બુદ્ધિહીન દિન છુ માટે મારા તરફ કરૂણાની નજર કરજો !

તમોએ પ્રેમદાતારીનું અને અધમ ઉદ્ધારીનું બિરૂદ ધારણ કર્યું છે માટે મેં આનંદ સહીત તમારૂં શરણ લીધું છે; હે ભગવતિ નંદન ! હે કુસુમપતિ ! હું બુદ્ધિહિન દિન છું માટે મારા તરફ કરૂણાની નજર કરજો !

[૬]

પદ્મમાંથી ઝરતાં મધૂ રસનું,
ભ્રમરો રંગે પાન કરે છે;
તવમૂખ કમલથી કથા મધૂ રસનું,
પ્રણત ભકતો પાન કરે છે. ૧

આશ્ચર્ય મુગ્ધ બની ચમત્કાર!
શો ચમત્કાર! એટલું માત્ર વદે છે;
સર્વ જગનાં આનંદ મંગલ,
સહુ સ્હેજે તને વંદે છે. ૨
ઉચ્ચ નિચ પ્રકૃતિ માત્રનાં,
મંગલાલય રત્નાકર તમે છો;
હે ભગવતિ નંદન! હે કુસુમપતિ! હું છું મંદમતિ!
મુજ પ્રતિ કરૂણાની દ્રષ્ટિ કરો! ૩

ભાવાર્થ:—

પદ્મ કમલમાંથી નિરંતર નિર્ઝરતા કમલનાં મધુર રસનું જેમ ભમરાંઓ રંગ ઉમંગથી પાન કરે છે તેમ તમારા મુખ કમલથી નિર્ઝરતા કથા ઉપદેશનાં મધુર રસનું પ્રણુત ભક્તો પાન કરે છે! હે ભગવતિ નંદન! હે કુસુમપતિ! હું બુદ્ધિહિન દિન છું માટે મારા તરફ કરૂણાની નજર કરજો!

ઉપદેશામ્રતનું પાન કરવાથી આશ્ચર્ય મુગ્ધ બનીને અહા! શો ચમત્કાર! શો ચમત્કાર! એટલુંજ માત્ર બોલ્યા કરે છે એવા હે સર્વ જગનાં જીવોનાં આનંદરૂપ। મંગલરૂપ હરનાથ! તને સહુ સ્હેજે—અ પ્રયત્ને પણ વંદન કરે છે! હે ભગવતિ નંદન! હે કુસુમપતિ! હું બુદ્ધિહિન દિન છું માટે મારા તરફ કરૂણાની નજર કરજો!

ઉચ્ચ નિચ પ્રકૃતિ માત્રનાં તમે મંગલ ભંડાર છો–મંગલતાનાં મહાસાગર છો! હે ભગવતિ નંદન! હે કુસુમપતિ! હું બુદ્ધિહિન દિન છું માટે મારા તરફ કરુણાની નજર કરજો!

[૭]

સુધા વદન ચંદ્ર મંડલ સમું,
દિવ્ય મધૂર જ્યોતિ અહા વિસ્તરે છે;
પ્રફુલ કમલ પેરે નયન યુગલ તે,
ચંચલ નૃત્ય કરે છે. ૧
રક્ત પુષ્પ જેવાં મંદમંદ હાસ્ય યુક્ત,
અધર સુંદર શોહે છે;
નાગફણા પેઠે વરદાયી યુગલ કર,
વિશાળ વક્ષસ્થલમાં સતત ડોલે છે. ૧
અનૂપમ રૂપ કાન્તિ કોટી કંદર્પને,
પલમાં પરાભવ કરે છે;
હે ભગવતિ નંદન! હે કુસૂમપતિ! હું છું મંદમતિ,
મૂજ પ્રતિ કરૂણાની દ્રષ્ટિ કરો, ૩

ભાવાર્થ:—

ચંદ્રમંડલ સદ્રશ અમ્રતથી ભરેલુ જેનું વદન છે અને દિવ્ય મધુર જ્યોતિ જે દશે દિશામાં ફેલાવ્યા કરે છે નવ વિકસિત કમલ દલની પેઠે બે આંખો ચંચલતાથી નૃત્ય કર્યા કરે છે; અહા! લાલ ફુલ જેવા મંદમંદ હાસ્યથી

છલકતા હોઠ સુંદર શોભાને ધારણ કરી રહ્યાં છે; તથા વરદાન દેવાવાલા એ હાથ વિશાળ છાતીમાં સતત ડોલ્યા કરે છે! અહા! આવી અનુપમરૂપ કાન્તિનાં શું વખાણ કરૂં? અરે, જેનાં રૂપની કાન્તિથી કોટી કામદેવ પણ પરાભવને પામે છે! હે ભગવતિ નંદન! હે કુસુમપતિ! હું બુદ્ધિહિન દિન છું માટે મારા તરફ કરૂણાની નજર કરજો!

[૮]

કનક કેતકી જેવો ગૌરવર્ણું,
લોભન શોભન રૂપ આગાર છે;
પણ કામ ક્રોધાદિથી દુષ્ટ હું,
મુજ લોચન મન મલીન દોષ ભંડાર છે. ૧
મહા દોષિતનાં દોષ જોતાં નથી,
અદોષદર્શિ કમલ નયની છો તમે;
માટે દોષિત ક્ષણિત હોવા છતાં.
હે દયામય! ભજવા ચહું છું તને! ૨
જગજીવ વલ્લભ! દિન દયાળ,
દિનહિન વંદુ હું ફરી ફરી;
હે ભગવતિ નંદન! હે કુસુમપતિ!
હુ છું મંદમતિ, મૂજપ્રતિ કરૂણાની દ્રષ્ટિ કરો! ૩

ભાવાર્થ:—

હે હરનાથ! કનક અને કેતકી જેવો તમારો ગૌરવર્ણ લોભ પમાડે તેવો શોભાયમાન છે. અહા! રૂપનો મહાસાગર છે! પણ કામ ક્રોધ આદિથી હું દુષિત છું

અને મારા લોચન, મન પણ મલીનતાથી ભરેલાં દોષનાં ભંડાર છે; તો હું તમારા રૂપને કેમ નિરખી શકું ? હે ભગવતિ નંદન ! હે કૂસુમ પતિ ! હું બુદ્ધિહિન દિન છું માટે મારા તરફ કરૂણાની નજર કરજો !

હે હરનાથ ! મહા દોષિતનાં પણ દોષોને નહિ જોવા વાળા તમો અદોષ દર્શિ અને કમલ નયની છો, માટે તમારા ગુણને લઇ હું દોષીત અને ઘણિત હોવા છતાં હે કૃપામય ! તને ભજવાની ઇચ્છા રાખું છું ! હે ભગવતિ નંદન ! હે કુસુમપતિ ! હું બુદ્ધિહિન દિન છું માટે મારા તરફ કરૂણાની નજર કરજો !

હે હરનાથ ! તમો જગતનાં જીવ માત્રનાં જીવન વલ્લભ છો, દિન ઉપર દયા કરનારા દિન દયાળ છો; માટે હું દિન હિન તમોને વારંવાર વંદન કરૂં છું. હે ભગવતિ નંદન ! હે કુસુમપતિ ! હું બુદ્ધિહિન દિન છું માટે મારા તરફ કરૂણાની નજર કરજો !

ઇતિ શ્રી કલિપાવન પ્રેમ શ્લોક
શ્રી હરનાથાષ્ટક ત્રીજું
સમાપ્ત

શ્રી હરનાથાષ્ટક ૩ જું

પાઠ કરવાનું ફળ.

સાક્ષાત ઉત્સવ સ્વરૂપ છો,
આ વિશ્વ મંડલપરે હે પ્રભો;
શ્રી ભગવતિ માતાનાં ઉરને,
આનંદદાયક છો પ્રભો. ૧

ચંદ્રના ઉદય થકી તેમ તાપ દૂરે થાય છે,
તવ ગુણ કીર્તિ ચંદ્રના કિરણથી,
તેમ તાપ પાપ દૂરે જાય છે! ૨

તવ પદાંકે મન પ્રાણ અર્પણ કરી.
આ પદાષ્ટકનો પાઠ કરશે;
તેનાં અંદર બ્હારનાં ત્રિતાપ ભય શોક સર્વે.
સદ્યમાત હરશે! ૩

જગ જીવનાં સુખદ શુભદ સ્વરૂપ.
આ પદાષ્ટક ગણાય છે;
પાઠકનું મંગલ સ્હેજે થાય,
તેમાં તે શી નવાઈ છે?! ૪

શ્રી ભગવતિ નંદનનાં આ પદાષ્ટકનો.
જે કો પાઠ કરશે કરાવશે, ગાશે ને ગવડાવશે;
તેને શ્રી ભગવતિ નંદન,
પ્રેમ સંપતિ સ્હેજે પ્રદાન કરશે! ૫

ભાવાર્થ :—

હે પ્રભો ! આ વિશ્વ મંડલ ઉપર સાક્ષાત ઉત્સવ સ્વરૂપ તમો પોતે છો; અને શ્રી ભગવતિ માતાનાં હૃદયને આનંદ દેવાવાલા પણ તમે છો !

ચંદ્રનો ઉદય થવાથી તો અંધકાર અને તાપનું નિવારણ થાય છે પણ હે હરનાથ ! તમારા ગુણ કીર્તિ રૂપ ચંદ્રના ફક્ત એક કિરણથીજ અંધકાર તાપ અને વળી પાપનું પણ નિવારણ થઇ જાય છે !

હે હરનાથ ! તમારાં શ્રી ચરણ ચિન્હ પાસે મન–પ્રાણને અર્પણ કરીને જે કોઇ આ પદાષ્ટકનો પાઠ કરશે; તેનાં અંદર અને બ્હારનાં ત્રણતાપ ભય–શોક અને સઘળાં સંતાપ શ્રી ભગવતિ માતા તુરતજ હરી લેશે !

જગતનાં જીવો માટે સુખ દેવાવાલું અને શુભ દેવાવાલું આ પદાષ્ટક રચાએલું છે; તેનો પાઠ કરનારનું મંગલ તો સ્હેજમાંજ થાય તેમાં કાંઇ નવાઇ જેવું નથી -

શ્રી ભગવતિ નંદન એવા શ્રી હરનાથજી મહાપ્રભુના આ પદાષ્ટક જે કોઇ પાઠ કરશે–પાઠ કરાવશે ગાશે કે ગવડાવશે તો તેને શ્રી ભગવતિ નંદન પ્રેમની સંપતિ સ્હેજ રમત માત્રમાં અર્પણ કરશે !

To

My dear dear

We have Come to wish You and
your blessed family a most
happy new year with all its
bounties. Live long + may your
life be a Continuous link of real
peace + happiness Do never forget
Our Lord of Love. Krishna. nor do
forget His most Sweet Name. Love
Him like Your own.

Yours affectionately.

Kusum Hara.

Bombay

હું ચિરકાળ સ્વતંત્ર છું.
મ્હારૂં તત્વ અતિ ગૂહ્ય છે—અતિ ગહન છે.
મ્હારૂં સ્વરૂપ સાધન દુર્લભ—અગ્રાહ્ય છે.
હું સ્ત્રીપ્રકૃત્તિથી અભેદ છું—અભિન્ન છું.
હું ચિરકાળ અપરાજીતા છું.

—પાગલ હરનાથ.



જ્ઞાન ધ્યાન સાધન ભજનથી,
પ્રસન્ન પ્રભૂ કદિ થાય છે;
[પણ] રજજેટલી માતૃભકિતથી;
અહા! વશ પ્રભૂજી થાય છે.

—શ્રી હરનાથ ઉપદેશામૃત